| GJBK010029152025 | | રજૂ તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ | | |
| | | **ફેંસલ તારીખ** | **૧૮/૦૩/૨૦૨૬** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૭ | ૧૯ |

**નામદાર સુપ્રિમકોર્ટનાં SUOO MOTO WRIT (CRL)NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફિકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમાં મુજબ**

**FORM–A**

**બનાસકાંઠાના મહે. સ્પેશ્યલ (પોકસો) અને બીજા એડીશનલ સેશન્સ જજ શ્રી અમિત જે. કાનાણી સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

## સ્પેશ્યલ (પોકસો) કેસ નંબર : ૨૦/૨૦૨૫

**દાંતા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦૨૫૭/૨૦૨૫**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | દાંતા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦ ૨૫૭/૨૦૨૫ |
| **ગુન્હો** | બી.એન.એસ.ની કલમ–૩૩૩,૩૫૧(૩),૭૪, ૭૫(૧)(આઇ),૭૮(૧)(આઇ) તથા પોકસો એકટની કલમ–૧૨,૧૧(૪),૧૧(૬),૧૧(૫) મુજબ. |
| **તહોમતનાંમાં મુજબ તહોમત** | બી.એન.એસ.ની કલમ–૩૩૩,૩૫૧(૩),૭૪, ૭૫(૧)(આઇ),૭૮(૧)(આઇ) તથા પોકસો એકટની કલમ–૧૨,૧૧(૪),૧૧(૬),૧૧(૫) મુજબ. |
| **ફરિયાદી** | **શ્રી સરકાર**<br>**(મુળ ફરિયાદી ભુપેન્દ્રભાઇ ભીખાભાઇ રાવત)**<br>રહે. મ.નં.બી/૪૦૧, કે.બી. રોયલ હોમ્સ, સ્નેહ પ્લાઝા, આઇ.ઓ.સી. રોડ, ચાંદખેડા, અમદાવાદ શહેર મુળ વતન ખીલોડ, તા. સતલાસણા, જિ. મહેસાણા |
| **વિ. એડી.પી.પી..** | **શ્રી ડી.એચ. છાપીયા** |
| **આરોપી** | **મીહીરભાઇ ડાયાભાઇ સેનમા (રાવત)**<br>ઉ.વ. ૨૨, ધંધો – નોકરી,<br>રહે. મોટાસડા, રાવતવાસ, તા.દાંતા,<br>જિ. બનાસકાંઠા. |
| **આરોપી તરફે વકીલ** | **શ્રી એસ.એમ. ચૌધરી** |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

# FORM–B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૦/૦૩/૨૦૨૫ ના કલાક ૧૧–૦૦ થી તા. ૨૨/૦૫/૨૦૨૫ ના કલાક ૨૦–૧૫ |
| ફરિયાદની તારીખ | તા. ૨૪/૦૫/૨૦૨૫ ના કલાક ૨૨–૩૦ |
| ચાર્જશીટની તારીખ | તા. ૨૯/૦૭/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા. ૦૮/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા. ૦૩/૧૦/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા. ૧૮/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા. ૧૮/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | તા. ૧૮/૦૩/૨૦૨૬ |

<u>આરોપીની વિગત</u> ::–

| આરોપી નંબર | આરોપી નું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુર દાર ? | શું સજા કરી ? | ક્રિ પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલ છે ? |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મીહીરભાઇ ડાચાભાઇ સેનમા (રાવત) | ૦૪/૦૬ /૨૦૨૫ | – | બી.એન.એસ. ની કલમ–૩૩૩, ૩૫૧(૩),૭૪, ૭૫(૧)(આઇ),૭૮ (૧) (આઇ) તથા પોકસો એકટની કલમ–૧૨, ૧૧(૪),૧૧ (૬),૧૧(૫) મુજબ. | | | |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

# FORM–૬

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::–**

## (એ) ફરિયાદપક્ષ તરફે ::–

**–:: મૌખિક પુરાવા ::–**

| ક્રમ | ફરિયાદપક્ષે તપાસેલ સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ સેનમા જગદીશભાઈ શિવાભાઈની જુબાની | ૦૮ |
| ૨. | પંચ બાબુભાઈ શંકરભાઈ સેનમાની જુબાની | ૧૦ |
| ૩. | પંચ સોમાજી હીરાભાઇ સેનમાની જુબાની | ૧૧ |
| ૪. | પંચ નટવરભાઈ ભેમાભાઈ સેનમાની જુબાની | ૧૩ |
| ૫. | પંચ વિજયભાઈ કીરીટભાઈ પરમારની જુબાની | ૧૬ |
| ૬. | પંચ મીહીરભાઇ પ્રફુલભાઈ સોલંકીની જુબાની | ૧૯ |
| ૭. | ફરિયાદી/ભોગબનનારના મામાની જુબાની | ૨૦ |
| ૮. | ભોગબનનારની જુબાની | ૨૪ |
| ૯. | ભોગબનનારની બહેનની જુબાની | ૨૮ |
| ૧૦. | ભોગબનનારની મામીની જુબાની | ૨૯ |
| ૧૧. | ભોગબનનારના પિતાની જુબાની | ૩૧ |
| ૧૨. | ભોગબનનારની માતાની જુબાની | ૩૨ |
| ૧૩. | ત.ક.અધિકારી રમીલાબેન હરખાભાઈ પટેલની જુબાની | ૩૩ |
| ૧૪. | ત.ક.અધિકારી રામાભાઈ લખમણભાઈ મકવાણાની જુબાની | ૩૮ |
| ૧૫. | ત.ક.અધિકારી સરોજબેન મોઘજીભાઈ ચૌધરીની જુબાની | ૩૯ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હો તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદોદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

## ફરિયાદપક્ષ તરફે આંક પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૨. | આરોપીની શરીરસ્થિતિ અને કપડાં કબજે કર્યાનું પંચનામું | ૧૨ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચાનામું | ૧૭ |
| ૪. | ફરિયાદ | ૨૧ |
| ૫. | બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ નું ભોગબનનારનું નિવેદન | ૨૫ |
| ૬. | સ્ટેશન ડાયરીમાં ગુનો દાખલ કરવાનો પત્ર | ૩૪ |
| ૭. | ચાંદખેડા પો.સ્ટે. થી ટ્રાન્સફર કરેલ જીરો એફ.આઇ.આર. હુકમ તથા એફ.આઇ.આર. ની નકલો | ૩૫ |
| ૮. | ઝીરો એફ.આઇ.આર. દાખલ થયેલ જે અફ.આઇ.આર. ટ્રાન્સફર કરવા બાબતનો પત્ર | ૩૬ |
| ૯. | એફ.આઇ.આર. ટ્રાન્સફર કરવાનો પત્ર | ૩૭ |
| ૧૦. | સુચીપત્ર | ૪૦ |
| ૧૧. | ચાંદખેડા પોલીસ સ્ટેશનથી આવેલ જીરો એફ.આઇ.આર. દાખલ થયેલ જે એફ.આઇ.આર. ના કાગળો સંભાળવા | ૪૧ |
| ૧૨. | ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર | ૪૨ |
| ૧૩. | ભોગબનનારનું નિવેદન લેવા હુકમ થવા બાબતનો પત્ર | ૪૩ |
| ૧૪. | ભોગબનનારનું બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા હાજર રખાવ્યા બાબતનો રીપોર્ટ | ૪૪ |
| ૧૫. | ભોગબનનારના નિવેદનનું કવર આપવાની યાદી | ૪૫ |
| ૧૬. | ભોગબનનારના જન્મ અંગેનું ખરાઇ પ્રમાણપત્ર રખાવી લેવા બાબતનો પત્ર | ૪૬ |
| ૧૭. | ભોગબનનારનું જયશ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડાનું સ્કૂલનું અસલ પ્રમાણપત્ર | ૪૭ |
| ૧૮. | ભોગબનનારનું શાળા છોડયા બાબતના | ૪૮ |

| | | |
|---|---|---|
| | પ્રમાણપત્રની ખરાઇ કરવા બાબતનો પત્ર | |
| ૧૯. | ભોગબનનારનું લીવીંગ સર્ટીફીકેટ | ૪૯ |

**બચાવપક્ષ તરફે આંક પડેલા દસ્તાવેજો ::–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકિ પડેલા દસ્તાવેજો ::–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>નોંધ</u> :–** **નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાનમાં લઇને તેમજ કાયદાની જોગવાઇ અનુસાર આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. પરંતુ તેના નામની જગ્યાએ ''ભોગબનનાર'' એવા શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

**–:: ચુ કા દો ::–**

## (૧) <u>આરોપી વિરુધ્ધનું તહોમત</u> :–

ફરિયાદી/ભોગબનનારના મામાએ તા. ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ બનેલ બનાવની તા. ૨૪/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદ ચાંદખેડા પો.સ્ટે. ખાતે નોંધાયેલ, જે ફરિયાદ દાંતા પોલીસ સ્ટેશનની હકુમતની હોય, ચાંદખેડા પો.સ્ટે. ના પી.આઇ. શ્રીએ સદર ફરિયાદ જીરો નંબરથી નોંધી લઇ દાંતા પોલીસ સ્ટેશનમાં મોકલી ટ્રાન્સફર કરતાં, સદર ફરિયાદ દાંતા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦૨૫૭/૨૦૨૫, બી. એન. એસ. ની કલમ– ૩૩૩,૩૫૧(૩),૭૪,૭૫(૧)(એ), ૭૮(૧)(આઇ) તથા પોકસો એકટની કલમ – ૧૨, ૧૧(૪), ૧૧(૬), ૧૧(૫) મુજબ નોંધવામાં આવેલ.

## (૨) <u>ફરિયાદની વિગત</u> :–

આરોપીએ ફરિયાદીની સગીર વયની ભાણી ભોગબનનાર ઉ.વ. ૧૫ વર્ષ ૨ માસ અને ૨૬ દિવસનીને તા. ૨૨/૦૫/૨૦૨૫ ના પહેલાં અઢી માાસ અગાઉ ભોગબનનાર મોટાસડા ગામે તેના ઘરેથી સ્કૂલે પરિક્ષા આપવા જતી હતી તે વખતે આરોપીએ ભોગબનનારને કહેલ કે રસ્તામાં આવતા જતાં તું મારી સાથે બોલ નહી તો તને ઉપાડી લઇશ અને તારી સાથે બળજબરીથી લગ્ન કરી લઇશ અને નહી કરે તો તારા ભાઇ જયરાજને ઉપાડી લઇ મર્ડર કરી નાંખીશ અને ભોગબનનારને તેના ફોટા વાર્ટસએપમાં વાયરલ કરી નાંખીશ તેવી ધમકી આપી છેડતી કરી તેમજ તા. ૨૨/૦૫/૨૦૨૫ ના કલાક ૨૦–૧૫ વાગ્યે મકાન નં. બી/૪૦૧ કે.બી. રોયલ હોમ્સ સ્નેહ પ્લાઝા આઇ.ઓ.સી. રોડ ખાતે જઇ દરવાજો ખખડાવેલ અને ઘરમાં પ્રવેશ કરી ભોગબનનારનો હાથ પકડી લીધેલ અને ભોગબનનારે બુમાબુમ કરતાં આરોપી મહિર ત્યાંથી ભાગી જઇ ગુન્હો કરેલ હોવા બાબતેની ફરિયાદ ફરિયાદી એ પોલીસ સબ ઇન્સ્પેકટર, ચાંદખેડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર નાઓ રૂબરુ તા. ૨૪/૦૫/૨૦૨૫ ના રોજ નોંધાવેલ.

## (૩) <u>પોલીસ તપાસ અને ચાર્જશીટ</u> :–

આ કામના ફરિયાદી/ભોગબનનારના મામાએ ઉપરોકત મતલબની ફરિયાદ ચાંદખેડા પો.સ્ટે. ના પી.એસ.આઇ. રુબરુ નોંધાવતાં, સદર ફરિયાદ દાંતા પોલીસ સ્ટેશનને ટ્રાન્સફર કરતાં, દાંતા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. એ સદર ફરિયાદ આધારે આરોપી સામે ગુનો રજીસ્ટર કરી, ગુનાની તપાસ તપાસ કરનાર અમલવારશ્રીને સોપતાં, પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ

થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગીક જરુરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી. ત.ક.અધિકારીશ્રી તરફથી તપાસના અંતે **બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩** હેઠળ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોવાનું જણાઇ આવતાં, આરોપી વિરુધ્ધ અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૨૦/૨૦૨૫ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૪) **<u>કેસની સ્પેશ્યલ કોર્ટ સમક્ષની કાર્યવાહી</u> :–**

ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ બજતાં તેમના વકીલશ્રી મારફતે હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧(૧)(બી)** હેઠળ આરોપી વિરુધ્ધ તા. ૮/૦૮/૨૦૨૫ ના રોજ બી.એન.એસ. ની કલમ ૩૩૩,૩૫૧(૩),૭૪,૭૫(૧)(એ), ૭૮(૧)(આઇ) તથા પોક્સો એકટની કલમ – ૧૨, ૧૧(૪), ૧૧(૬), ૧૧(૫) મુજબના સજાને પાત્ર ગુના કર્યાના તહોમત સબબ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, સદર **કાયદાની કલમ–૨૫૧(૨)** હેઠળ તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ છે, અને આંક–૦૬ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ ગુનાના આક્ષેપો કબુલ કરેલ ન હોઇ, તેથી **બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૩** અન્વયે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઇ, ફરિયાદપક્ષે નીચે મુજબ લેખિત અને મૌખિક પુરાવો રજુ કરેલ છે.

(૫) ફરિયાદપક્ષે ઉપરોકત ફોર્મ નં. સી મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે .

## (૬) આરોપીનું વિશેષ નિવેદન :–

સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી ધ્વારા આંક. ૫૦ થી પુરાવા બંધ પુરસીશ રજુ થતાં પુરાવો બંધ કરેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં, આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ તેઓની સામે નીકળી આવતાં સંજોગોનો ઈન્કાર કરી વિશેષ જવાબમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે રજુ કરેલ સી.સી. ટી.વી. ફૂટેજમાં અમારો કોઈ જગ્યાએ ફોટો આવતો ન હોઈ અમો ઉપર ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે ખોટો કેસ કરેલ છે, તેમ જણાવેલ છે. જોકે તેમણે તેમના સદર કથનના સમર્થનમાં સોગંદ ઉપર જુબાની આપવાનું કે બચાવના સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી. પરંતુ ભોગબનનારની જુબાનીમાં આંક. ૨૭ થી આરોપી અને ભોગબનનારના ફોટા તેમજ ભોગબનનારે આરોપીને લખેલ પ્રેમપત્ર અસલ રજુ કરેલ છે.

## (૭) પક્ષકારો તરફેની દલીલો :–

## (એ) ફરિયાદપક્ષે વિદ્વવાન એ.પી.પી. શ્રીની દલીલો :–

ફરિયાદપક્ષ તરફે વિ . એ.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા. તેઓની મૌખિક દલીલો આ કેસમાં રજુ થયેલ ફરિયાદપક્ષના સાહેદોના સોગંદ ઉપરના પુરાવાઓની હકીકતો તરફ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની હકીકત તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરીને કરેલી છે અને આ કેસમાં ફરિયાદી, ભોગબનનાર તથા સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. આરોપીએ ફરિયાદીની સગીર વયની ભાણી

ભોગબનનારને ઘરેથી સ્કૂલે પરિક્ષા આપવા જતી વખતે રસ્તામાં આવતા જતા તું મારી સાથે બોલ નહિ બોલે તો તને ઉપાડી લઇશ અને તારી સાથે બળજબરીથી લગ્ન કરી લઇશ અને નહિ કરે તો તારા ભાઇ જયરાજને ઉપાડી લઇ મર્ડર કરી નાંખીશ અને ભોગબનનારના ફોટા વોર્ટસઅપમાં વાયરલ કરી નાંખીશ તેવી ધમકી આપી છેડતી કરી તેમજ મકાન નં. બી/૪૦૧ કે.બી. રોયલ હોમ્સ સ્નેહ પ્લાઝા આઇ.ઓ.સી. રોડ ખાતે આવી દરવાજો ખખડાવી ઘરમાં પ્રવેશ કરી ભોગબનનારનો હાથ પકડી લીધેલ અને બુમાબુમ કરતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલ હોવાના સ્પષ્ટ આક્ષેપો કરેલા છે. અને તેથી આ કેસના આરોપીને તકસીરવાન ઠરાવીને તેમને કાયદાથી નિયત કરવામાં આવેલ મહત્તમ સજા કરવા માટે દલીલ કરેલ છે.

(બી) <u>બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રીની દલીલો</u> :-

આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ.એમ. ચૌધરીએ આંક. ૫૧ થી લેખિત દલીલો રજુ કરી તેમાં લખ્યા મુજબની રજુઆત કરેલ છે. તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે,આ કામે ફરિયાદીને બનાવ બાબતે કોઇ જાત માહિતી નથી. ભોગબનનાર અને સાહેદ નેહાબેનનો પુરાવો જોતાં વિરોધાભાષી હકીકતો જણાવે છે. ભોગબનનારના પુરાવા મુજબ તેણી રસોડામાં કામ કરતી હતી જયારે સાહેદ નેહાબેનનો પુરાવો જોતાં ભોગબનનાર સોફા ઉપર બેઠેલી હતી. વધુમાં, ભોગબનનાર જણાવે છે કે લાકડાનો દરવાજો ખુલ્લો હતો અને લોખંડનો દરવાજો બંધ હતો જયારે સાહેદ નેહાબેનના પુરાવા મુજબ લોખંડનો તેમજ લાકડાનો બંને દરવાજા બંધ હતા. ફરિયાદી જયાં રહે છે ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે અને બિલ્ડીંગમાં નીચેથી આવનાર વ્યકિત કોણ છે તે જોઇ શકાય. પરંતુ રજુ કરેલ સી.સી.ટી.વી. ફૂટેજ જોતાં

સી.સી. ટી.વી. ફૂટેજમાં દેખાતો માણસ કોણ છે તે પુરવાર થતુ નથી. આમ, ભોગબનનાર અને સાહેદ નેહાબેનના પુરાવામાં મહત્વનો વિરોધાભાષ જણાય આવે છે. ભોગબનનારની માતા અને પિતાનો પુરાવો જોતાં હીયરસે વિટનેસ છે અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી. વધુમાં, ભોગબનનારની ઉંમર બાબતે કોઇ પુરાવો રજુ થયેલ નથી. ભોગબનનાર પોતાની ઉંમર જણાવતા હોય તેટલા માત્રથી ભોગબનનારની ઉંમર પુરવાર થઇ શકે નહી. આંક. ૪૯ થી રજુ એલ.સી. તે માત્ર આંક પડવાથી પુરવાર થયેલ ગણાય નહી. ભોગબનનારની ઉંમરનો કોઇ પુરાવો નથી. આંક. ૩૩ થી રમીલાબેન પટેલને તપાસેલ છે અને તેઓએ ભોગબનનારની ફરિયાદ ચાંદખેડા પો.સ્ટે. માં લીધેલ છે. જો કે તેઓડીનાઇલ કરે છે કે બનાવ તેઓના પોલીસ સ્ટેશનની હદમાં બનેલો પરંતુ સમગ્ર કેસની હકીકત જોતાં બનાવ તેઓના પોલીસ સ્ટેશનની હદમાં બનેલ હોવા છતાં પણ દાંતા પોલીસ સ્ટેશનમાં કેસ ટ્રાન્સફર કરેલ છે. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આરોપી સામે ફરમાવેલ તહોમતનામું રજુ થયેલ પુરાવાથી મહત્વનો વિરોધાભાષ આવેલ હોઇ અને ભોગબનનારની ઉંમર બાબતે પણ ફરિયાદપક્ષે નિ:શંક પણે પુરવાર કરેલ ન હોઇ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

## (૮) કેસના ન્યાયિક નિર્ણય અર્થના મુદા અને તેનો જવાબ :–

**(એ)** આ કેસના નિર્ણય અને નિકાલ માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ: શંક પણે પુરવાર કરે છે કે, બનાવ સમયે તા. ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ ભોગબનનાર સગીર વયના હતા ?

૨. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીની સગીર વયની ભાણી ઉ.વ. ૧૫ વર્ષ ૨ માસ અને ૨૬ દિવસની સગીર વયની હોવાનાં જાણવા છતાં તા. ૨૨/૦૫/૨૦૨૫ ના પહેલાં અઢી માસ અગાઉ ભોગબનનાર મોટાસડા ગામે તેના ઘરેથી સ્કૂલે પરિક્ષા આપવા જતી હતી તેવખતે આરોપીએ ભોગબનનારને કહેલ કે રસ્તામાં આવતી જતી તું મારી સાથે બોલ નહિ બોલે તો તને ઉપાડી લઇશ અને તારી સાથે બળજબરીથી લગ્ન કરી લઇશ અને લગ્ન નહી કરે તો તારા ભાઇને ઉપાડી લઇ મર્ડર કરી નાખીશ અને તારા ફોટા વોર્ટસએપમાં વાયરલ કરી નાખીશ તેવી ધમકી આપી ભોગબનનારની છેડતી કરી, તા. ૨૨/૦૫/૨૦૨૫ ના કલાક ૨૦–૧૫ વાગે અમદાવાદ મુકામે મકાન નં. બી/૪૦૧ કે.બી. રોયલ હોમ્સ પ્લાઝા આઇ.ઓ.સી. રોડ ખાતે ફરિયાદીના ઘરે જઇ દરવાજો ખખડાવી અને ઘરમાં પ્રવેશ કરી ભોગબનનારનો હાથ પકડી છેડતી કરી અને ભોગબનનારે બુમાબુમ કરતાં ભાગી જઇ બી.એન.એસ. ની કલમ – ૩૩૩,૩૫૧(૩), ૭૪, ૭૫(૧)(આઇ),૭૮(૧)(આઇ) તથા પોકસો એકટની કલમ ૧૨,૧૧(૪), ૧૧(૬),૧૧(૫) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું અંતિમ હુકમ ?

(બી) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારો નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં,
૨. અંશત : હકારમાં,
૩. આખરી હુકમ મુજબ.

## <u>પુરાવાના મુલ્યંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત</u> :–

(૯) ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી

વિરૂધ્ધનો ગુનો જયા સુધી નિ:શંક પણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરુ સોગંદ ઉપરનોપુરાવો આપે છે તે સત્યહકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતું દરેક કેસના અનેહકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૦) નામદાર સુપ્રિમકોર્ટે <u>**લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી, ૨૦૧૩ (૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭**</u> તેમજ <u>**ભરવાડ ભોગીનભાઇ હિરજીભાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩(૩) એસ.સી.સી. પાન નં. ૨૧૭**</u> વાળા ચુકાદાથી પુરાવાના મૂલ્યાંકન સંબંધેના પ્રતિપાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરતીવખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઇ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એકજ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહી. મોટાભાગે શબ્દસહ પુન:ઉચ્ચારણો કોઇ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાષ પુરાવામાં મળતો હોય છે, પરંતું આ વિરોધાભાષ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરિયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી, અને આવા સામાન્ય વિરોધાભાષ અદાલતે અવગણવાના રહે છે, પરંતું મહત્વના વિરોધાભાષ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે તે ધ્યાને લેવાના હોય છે તેમજ ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર

આરોપીનું જ હિત જોવાનું નથી પરંતું ગુનામાં ભોગબનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહી તેવા સંજોગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષિત માણસ ગુન્હામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષિત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિતને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમકોર્ટ **અંબીકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી), રીપોર્ટેડ ઈન ૨૦૦૦ (એસ.સી.સી.), પાન નં. ૬૪૬** થી પ્રતિપાદિત કરેલ છે.

**(૧૧)** ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનિય અને નિ:શંક પુરાવા રજુ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી પરંતું ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજુ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનિય જણાતા હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતા હોય ત્યારે પ્રોસિકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જયારે નિ:શંક પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલન હોય ત્યારે તેમજ રજુથયેલ પુરાવામાંથી બે પ્રકારની સંભાવના ઉદ્દભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે. અને તે મુજબ આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને કરવામાં આવેલું છે.

**(૧૨)** વિશેષમાં, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફોજદારી કેસમાં ફરિયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ પ્રમાણેનો કેસ સચોટ, નકકર, માનવાલાયક, વિશ્વસનિય અને શંકારહિત

રીતે પુરવાર કરવાનો હોય છે, માત્ર અનુમાન, ધારણા, શકયતા અને સંભાવનાઓ આધારે ફરિયાદપક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહી, તેમજ કેસમાં બે પ્રકારના પુરાવા હોય તો કોર્ટે આરોપીના લાભનો પુરાવો ધ્યાનમાં લેવો જોઇએ. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરી ગયેલા સાક્ષીનાં પુરાવાની અવગણના કરી શકાય નહી. પક્ષકારો તેમને અનુકુળ હોય તેવી જુબાનીની હકીકત પોતાના કેસ માટે રજુ કરી શકે છે, પરંતું કોર્ટે સભાનતાપુર્વક જુબાનીનું મૂલ્યાંકન કરવું જરૂ છે. હવે ઉપરોકત પરીપ્રેક્ષ્યમાં આ કેસમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામાં પ્રમાણેનાં ગુના ફરિયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહે છે.

**<u>મુદા નં. ૧</u> :-**

**(૧૩)** હાલના આરોપી વિરૂધ્ધ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટ (પોકસો એકટ), ૨૦૧૨ ના ગુન્હાઓ સબબનું તહોમત ફરમાવવામાં આવેલ છે, જે તહોમત મુજબના આક્ષેપિત ગુન્હાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સૌપ્રથમ ભોગબનનાર પોકસો એકટની કલમ-૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના સગીર બાળકી હતાં કે કેમ ? તે સાબિત કરવાનું રહે.

**(૧૪)** ઉપરોકત વિગતે આ કામના આરોપી સામે પોકસો એકટની જોગવાઇ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે, તે અંગે કાયદાકીય જોગવાઇ જોવામાં આવે તો, પોકસો એકટની કલમ, ૨૦૧૨ ની કલમ-૨(૧)(ડી) માં "**Child**" એટલે કે ''**બાળક**'' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને તે મુજબ અઢાર વર્ષથી ઓછી ઉંમર ધરાવતી વ્યકિતનો સમાવેશ સદર કાયદા હેઠળના ગુન્હાઓ માટે

ભોગબનનાર ''બાળક'' ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે, એટલે કે, પોકસો એકટ, ૨૦૧૨ હેઠળના ગુન્હો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ ધ્વારા ભોગબનનાર/બાળકની ઉંમર બનાવ સમયે અઢાર વર્ષ કરતાં નાની હતી, તેવું શંકા રહિત રીતે પુરવાર કરવું અત્યંત અનિવાર્ય બની રહે છે.

(૧૫) હાલના કેસમાં પોકસો એકટની કલમ–૩૪ ની જોગવાઈ લક્ષમાં રાખી ભોગબનનારની ઉંમર નકકી કરતી વખતે **Special Court** એ જુવેનાઈલ જસ્ટીસ **(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન)** એકટની કલમ–૯૪ ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે, તેમજ જુવેનાઈલ જસ્ટીસ રૂલ્સ–૨૦૦૭ ના રૂલ–૧૨ અંગે નામદાર સુપ્રિમકોર્ટે પોતાના ***AIR- 2013 SC-3467, Jarnail Singh V/s State of Haryana*** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, રૂલ–૧૨ ની જોગવાઈ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની સાથે ગુન્હામાં ભોગબનનાર માટે પણ ધ્યાને લેવી જોઈએ.

(૧૬) જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ની સાથે જુવેનાઈલ જસ્ટીસ રૂલ, ૨૦૦૭ ના રૂલ–૧૨ ની જોગવાઈ સાથે વાંચતાં, અદાલતે પ્રથમ ભોગબનનારની ઉંમર અંગે

(i) તેનું મેટ્રીકયુલેશન અથવા તેને સમકક્ષ સર્ટીફિકેટ ધ્યાને લેવાનું રહે છે.

(ii) નંબર–(i) ઉપલબ્ધ ન હોય ત્યારે, પ્લે સ્કુલ સિવાય પ્રથમ સ્કુલ ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર,

(iii) નંબર–(i) અને (ii) ઉપલબ્ધ ન હોય ત્યારે કોર્પોરેશન, મ્યુનિસિપલ ઓથોરીટી અથવા પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાનમાં લેવું.

(iv) ઉપરોકત ક્રમ નંબર (i), (ii) અને (iii) ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આ અંગે બનાવવામાં આવેલ મેડીકલ બોર્ડનો અભિપ્રાય ધ્યાને લેવાનો રહે છે.

**(૧૭)** આ કામે પડેલ પુરાવાનું મુલ્યાંકન અને તુલનાત્મક વિશ્લેષણ કરતાં અગાઉ નામદાર સુપ્રિમકોર્ટે ભોગબનનારની ઉંમર નકકી કરવા સંબંધે જે કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરૂરી છે. આ તબકકે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરૂધ્ધ અનુપસિંઘ રીપોર્ટેડ ઇન (૨૦૧૫) ૭, સુ.કો.કેસીસ પેજ નં. ૭૭૩** નો ચુકાદો ધ્યાને લેતાં, જેમાં નામદાર સુપ્રિમકોર્ટે એવું તારવેલ છે કે, જયારે કોઇપણ ભોગબનનાર બાળકની ઉંમર અંગે શાળા ધ્વારા ઇસ્યુ કરાયેલ સર્ટીફીકેટ તેમજ જન્મ પ્રમાણપત્રમાં ફેરફાર હોય તો તેવા સંજોગોમાં જન્મ પ્રમાણપત્રની નોંધ માનવાની રહે છે, તેમજ સદર માન. ચુકાદામાં આપેલ તારણ મુજબ બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ–૧૨(૩)** ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે **મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાસ્ટ્ર રીપોર્ટેડ ઇન ૨૦૧૩(૧૪) એસ.સી.સી. પેજ નં. ૬૩૭** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **જનરલસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણાસ રીપોર્ટેડ ઇન ૨૦૧૩(૭), એસ.સી.સી., પેજ નં. ૨૬૩** ના કેસમાં આપેલ ચુકાદામાં પણ એવું ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) લાગુ પડે છે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઇ શકાય. જેથી ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–

૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :–

''12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a)(i)the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii)the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii)the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year.

and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any

or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law."

(૧૮) આમ, ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંત જોતાં ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ મુજબ નકકી કરી શકાય. વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે અવલોકન કર્યા મુજબ જુવેનાઇલ જસ્ટીસ રૂલ્સના નિયમ–૧૨(૩) ની જોગવાઇ મુજબ ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે પ્રથમ મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ અથવા તો તેના આનુસંગિક પ્રમાણપત્ર જો ઉપલબ્ધ હોય તો તેને સૌપ્રથમ પ્રાધાન્ય આપવુ પડે અને જયારે આ મુજબ મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય ત્યારે બાળકે સૌપ્રથમ જે શાળામાં અભ્યાસ કર્યો હોય તે શાળાના રેકર્ડમાં જે જન્મ તારીખ નોંધેલ હોય તે ઉપર આધાર રાખવાનો રહે છે અને તે મુજબનો પુરાવો પણ ઉપલબ્ધ ન હોય ત્યારે જ કોર્પોરેશન અથવા તો નગરપાલીકા અથવા તો પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મના પ્રમાણપત્ર ઉપર આધાર રાખવાનો રહે છે.

(૧૯) આ તબકકે **<u>રશ્મીભાઇ હિંમતલાલ દવે અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત રીપોર્ટેડ ઇન ૨૦૧૫(૨), જી.એલ.આર., પેજ નં. ૧૨૯૬</u>** નો નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે, નિશાળ છોડયાના પ્રમાણપત્રમાં બાળાની જન્મ તારીખ તેની ઉંમર નકકી કરવા માટે પુરતી છે અને તે અંગે ઓસીફીકેશન ટેસ્ટ અનિવાર્યપણે જરુરી નથી. વધુમાં, સદર ચુકાદામાં નામદાર

ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, પીડીતાની જુબાની પુરાવાની પરિપુષ્ટિ વિના નિર્ભર છે. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, ભોગબનનારની ઉંમર નકકી કરવા સ્કૂલનું લીવીંગ સર્ટીફીકેટ અને સ્કૂલ રેકર્ડની એન્ટ્ર ધ્યાને લઈ શકાય. વધુમાં, સદર ચુકાદામાં નામદાર ગુજરાન હાઈકોર્ટે એવું પણ ઠરાવેલ છે કે, ભોગબનનારની ઉંમર અઢાર વર્ષથી ઓછી હોય તેવા કિસ્સામાં તેણીની સંમતિનું કોઈ મહત્વ રહેતું નથી અને તે ધ્યાને લેવાની રહેતી નથી.

(૨૦) વિશેષમાં **(૨૦૧૪)૪, એસ.સી.સી. (ક્રિમીનલ), પેઈજ નં. ૩૦૬, મહાદેવ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** ના ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા એવું ઠરાવેલ છે કે, કોઈપણ ઈસમની ઉંમર અંગે તેની જન્મ નોંધણીનો પુરાવો જે આધારભુત ગણી શકાય, તેમજ તેવો પુરાવો ન હોય તેવા કિસ્સામાં તેના એસ.એસ.સી. બોર્ડ અથવા તો તેને સમકક્ષ દાખલો અથવા તો તે ઈસમ ધ્વારા પ્રથમ જે શાળામાં અભ્યાસ માટે દાખલ થયેલ હોય તે શાળા ધ્વારા ઈસ્યુ કરાયેલ દાખલો (પ્લે હાઉસ સિવાયની શાળા) ધ્યાને લઈ શકાય, અને તે માટે તે દાખલો ઈસ્યુ કરનાર અધિકારીને કોર્ટ રૂબરુ તપાસવા જરૂરી બની રહે , તેમજ તેવા કોઈપણ પુરાવાથી ગેરહાજરીમાં કોર્ટ ધ્વારા રેડીયોલોજીસ્ટના અભિપ્રાય પર આધાર રાખી શકાય અને તે માટે જે રેડીયોલોજીસ્ટ ધ્વારા તે ઈસમના હાડકાં તથા દાંતની ચકાસણી કરી જે દાખલો આપેલ હોય તે મેડીકલ અભિપ્રાયને ધ્યાને લઈ શકાય. જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એકટ, ૨૦૧૫ ની કલમ–૯૪(૨) ની જોગવાઈ લક્ષમાં લેવામાં આવે તો જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) સાથે મોટા ભાગે સુસંગત હોવાનું જણાઈ આવે છે.

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

(૨૧) આમ, ઉપરોકત જોગવાઈઓ તેમજ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં નિર્દિષ્ટ કરેલ સિધ્ધાંતો અન્વયે ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હતી કે કેમ ? તે સંદર્ભે ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, હાલના કિસ્સામાં ફરિયાદપક્ષ ભોગબનનાર બનાવ સમયે એટલે કે, તા. ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ ૧૫ વર્ષ, ૨ માસ અને ૧૬ દિવસની સગીર ઉંમરની હતી, તેવી જે હકીકત સાથે આવેલ છે, તે અનુસંધાને ફરિયાદપક્ષે ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ઉપર દર્શાવેલ નામદાર સુપ્રિમકોર્ટની વિવિધ જજમેન્ટસની ગાઈડલાઈન મુજબ જન્મ તારીખનો પુરાવો તે શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય તેના પર આધાર રાખેલ છે. તેમજ એવીડનસ એકટ મુજબ પણ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાની સાપેક્ષતામાં દસ્તાવેજી પુરાવાની પુરાવાકીય વેલ્યુ વધુ રહે. હાલના કામે જોવામાં આવે તો ફરિયાદી/ભોગબનનારના મામાએ તેમની આંક. ૨૦ થી રજુ થયેલ જુબાનીમાં તેમની ભોગબનનાર ભાણીની ઉંમર આશરે ૧૬ એક વર્ષની છે અને ભોગબનનારે ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ તેના વતન મોટાસડા, તા. દાંતા ખાતે કરેલો અને ત્યારબાદ વધુ અભ્યાસ માટે તેઓ અમદાવાદ લઈ ગયેલ હતા તેમ જણાવેલ છે. ઉલટ તપાસમાં ભોગબનનાર બનાવ અગાઉના દસમાંની પરીક્ષા પુરી થયા પછી તેમની પાસે રહેતી હતી. વધુમાં, ભોગબનનારે તેની આંક. ૨૪ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીની જન્મ તારીખ ૬/૦૩/૨૦૧૦ ની છે, બનાવ સમયે શ્રી ધ્વારકાધીશ સરસ્વતી વિધ્યાલય, મોટાસડા ખાતે ધોરણ-૧૦ માં અભ્યાસ કરતી હતી. ભોગબનનારે પોતાની જુબાની આપવા આવેલ ત્યારે પણ તેની ઉંમર ૧૫ વર્ષની જણાવેલ છે. ઉલટ તપાસમાં બનાવના અરસામાં તેણી ધોરણ-૧૦ માં ભણતી હતી તેમ જણાવેલ છે. તેણી અમદાવાદ મુકામે બનાવના અરસામાં તેના

મામાના ત્યાં ગયેલી તે ધોરણ–૧૦ ની પરીક્ષા આપીને ગયેલી. વધુમાં, ભોગબનનારની મામીએ પણ તેમની આંક. ૨૯ ની જુબાનીમાં તેમની ભોગબનનાર ભાણીની ઉંમર ૧૫ વર્ષની હતી તેમ જણાવેલ છે. ઉલટ તપાસમાં તેમની ભોગબનનાર ભાણીનો જન્મ મોટાસડા મુકામે થયેલો હોવાનું જણાવે છે. ભોગબનનારના પિતાએ તેમની આંક. ૩૧ ની જુબાનીમાં ભોગબનનારે ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ મોટાસડા ગામે કરેલ છે અને ભોગબનનારનો જન્મ ૨૦૧૦ નો છે તેમ જણાવેલ છે. ઉલટ તપાસમાં પણ તેઓ જણાવે છે કે, તેમની દિકરી ભોગબનનારે ધોરણ–૧૦ પછી કોઇ અભ્યાસ કરેલ નથી. તેમની ભોગબનનાર દિકરીને ધોરણ–૧૧ માં અભ્યાસ કરાવવા માટે અમદાવાદ મુકેલી પરંતું તેણે ત્યાં અભ્યાસ કરેલ નથી. તેઓની દિકરી ભોગબનનારનો જન્મ પાલનપુર મુકામે થયાનું જણાવે છે. ભોગબનનારની માતાએ તેમની આંક. ૩૨ ની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનારે ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ મોટાસડા ગામે કરેલ છે, ભોગબનનારનો જન્મ ૨૦૧૦ નો છે. ઉલટ તપાસમાં જણાવે છે કે, તેમની દિકરી ભોગબનનારે ધોરણ–૧૦ પછી કોઇ અભ્યાસ કરેલ નથી તેમની ભોગબનનાર દિકરીને ધોરણ–૧૧ માં અભ્યાસ કરાવવા માટે અમદાવાદ મુકેલી પરંતું તેણે ત્યાં અભ્યાસ કરેલ નથી. આમ, ભોગબનનારે તેની જન્મ તારીખ ૬/૦૩/૨૦૧૦ ની જણાવેલ છે જેને તેણીના માતા અને પિતાના પુરાવાથી તેમજ ફરિયાદીના પુરાવાથી સમર્થન મળે છે અને તેઓના જણાવ્યા મુજબ ભોગબનનારનો જન્મ ૨૦૧૦ ના વર્ષમાં થયેલો.

(૨૨) વધુમાં, ત.ક.અધિકારી સરોજબેન મોંઘજીભાઇ ચૌધરીની આંક. ૩૯ ની જુબાનીમાં આંક. ૪૨ થી ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે, જે તલાટી કમ મંત્રીશ્રી, મોટાસડા ગૃપ

ગ્રામ પંચાચ, તા. દાંતા નાઓએ આપેલ છે. જેમાં ભોગબનનારની જન્મ તારીખ ૦૬/૦૩/૨૦૧૦ ની જણાવેલ છે, જેમાં ભોગબનનારનું નામ તેમજ તેના મમ્મી પપ્પાનું નામ પણ જણાવેલ છે અને જન્મ સ્થળ મોટાસડા દર્શાવેલ છે. વધુમાં, ત.ક.અધિકારીની જુબાનીમાં આંક. ૪૭ થી આચાર્ય, જય શ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડા, તા. દાંતા નાઓએ આપેલ પ્રમાણપત્ર છે જેમાં ભોગબનનાર તેમની શાળામાં ધોરણ–૧૦ માં અભ્યાસ કરતા હતા અને તેમણે માર્ચ–૨૦૨૫ માં એસ.એસ.સી. બોર્ડ પરીક્ષા ઉર્તીર્ણ કરી શાળા છોડી ગયેલ હોવાનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. આંક. ૪૮ થી ત.ક.અધિકારીએ આચાર્ય શ્રી જય દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડા, તા. દાંતા નાઓને ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરાઇ કરવા બાબતે પત્ર લખેલ છે. આંક. ૪૯ થી ભોગબનનારનું સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ રજુ થયેલ છે જે જય શ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડાના આચાર્યશ્રીએ આપેલ છે, જેમાં પણ ભોગબનનારની જન્મ તા. ૦૬/૦૩/૨૦૧૦ ની લખેલી છે. બનાવ તા. ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ બનેલ છે તે જોતાં ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૫ વર્ષ ૨ માસ અને ૧૬ દિવસ હોવાનું ભોગબનનારનું આંક. ૪૯ થી રજુ થયેલ શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમજ આંક. ૪૭ થી રજુ થયેલ શાળાના આચાર્યશ્રીએ આપેલ પ્રમાણપત્ર તેમજ આંક. ૪૨ થી રજુથયેલ જન્મનું પ્રમાણપત્ર જોતાં જણાય આવે છે.

(૨૩) વધુમાં, ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે ઉપર દર્શાવેલ નામદાર સુપ્રિમકોર્ટની વિવિધ જજમેન્ટસની ગાઇડલાઇન મુજબ જન્મ તારીખનો પુરાવો તે શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય તેના પર આધાર રાખેલ છે. તેમજ એવીડન્સ એકટ મુજબ પણ મૌખિક

પુરાવા તથા દસ્તાવેજી પુરાવાની સાપેક્ષતામાં દસ્તાવેજી પુરાવાની પુરાવાકીય વેલ્યુ વધુ રહે. હાલના કામે જોવામાં આવે તો ત.ક.અધિકારી સરોજબેન મોઘજીભાઇ ચૌધરીની આંક. ૩૯ ની જુબાનીમાં આંક. ૪૨. થી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે, જેમાં ગામ મોટાસડા ગૃપ ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રીશ્રીએ આપેલ પ્રમાણપત્ર રજુ થયેલ છે, તેમજ આંક. ૪૯ થી આચાર્યશ્રી, જય શ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડા નાઓએ આપેલ ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ થયેલ છે, આ બન્ને દસ્તાવેજોમાં ભોગબનનારની જન્મ તા. ૦૬/૦૩/૨૦૧૦ ની જણાવેલ છે, જે ધ્યાને લેતાં અને બનાવ તા. ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ બનેલ છે તે જોતાં બનાવ સમયે **ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ ૨ માસ અને ૧૬ દિવસ** હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે ભોગબનનારના જન્મનો દાખલો જે રજુ થયેલ છે તે ઝેરોક્ષ કોપી છે તેમજ ભોગબનનારનું એલ.સી. રજુ થયેલ છે તે પણ ઝેરોક્ષ કોપી છે તેમજ સદરહું દાખલો આપનાર કોઇ અધિકારી કે કર્મચારીને તપાસી ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરવામાં આવેલ નથી. અત્રે એ નોંધનીય છે કે, સામાન્ય રીતે કોર્ટ જન્મ તારીખ ધ્યાને લઇ જેમાં ૧૬ થી ૧૮ વર્ષની ઉંમર આવતી હોય ત્યારે ચોકકસપણે તેની પ્રોબેબલ વેલ્યુ ચકાસતી હોય છે. હાલના કામમાં ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ ૨ માસ અને ૧૬ દિવસની છે, જેથી ત્રણ વર્ષનું વેરીએશન આવી ન શકે. સામાન્ય કિસ્સામાં ગામડાઓમાં સ્કૂલમાં બાળકને બેસાડવા માટે તેની જન્મ તારીખમાં એક માસ કે વધુમાં વધુ છ માસનો ફરક પડે અને જન્મ તારીખ ૧લી જૂન હંમેશા રાખતા હોય છે. પરંતું હાલના કામમાં પૂખ્તવયની ઉંમર કરતાં સગીરા ખુબજ નાની ઉંમરની હોય અને ત્રણ વર્ષનો ફરક હોય જેથી આ તબકકે

જન્મ પ્રમાણપત્ર અને શાળા છોડયાના પ્રમાણપત્રને નહિ માનવા કોઈ કારણ નથી. આંક. ૪૯ શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમજ આંક. ૪૨ જન્મનું પ્રમાણપત્ર યોગ્ય સરકારી સંસ્થાએ આપેલ છે અને તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસમાં મેળવીને રજુ કરેલ છે, જે નહિ માનવા માટે કોઈ કારણ નથી. આમ, ઉકત આંક. ૪૨ અને આંક. ૪૯ ના પ્રમાણપત્રની નકલ લક્ષમાં રાખતાં, જેમાં ભોગબનનારની જન્મ તારીખ ૦૬/૦૩/૨૦૧૦ હોવાનું ફલિત થાય છે. વધુમાં, ભોગબનનારે પણ પોતાની જન્મ તારીખ ૦૬/૦૩/૨૦૧૦ હોવાનું જણાવેલ છે. ભોગબનનારના માતા પિતાએ પણ તેમની જુબાનીમાં ભોગબનનાર દિકરીનો જન્મ ૨૦૧૦ માં થયાનું જણાવેલ છે. આમ, આંક. ૪૯ જે શાળાના આચાર્યશ્રી ધ્વારા આપવામાં આવેલ શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમજ આંક. ૪૨ જે ગ્રામ પંચાયતના તલાટીશ્રી ધ્વારા આપવામાં આવેલ ઓન્થેટીક દસ્તાવેજી પુરાવો છે જેને નહિ માનવા માટે કોઈ કારણ નથી. આમ, સદર સાહેદોની બચાવપક્ષે ઉકત વિગતવારની જે કોઈ ઉલટ તપાસ આધારે જે બચાવ લીધેલ છે, તે ધ્યાને રાખતાં પણ એ હકીકત અત્રે અચુકપણે નોંધનીય છે કે, ઉપરોકત ભોગબનનારના જન્મ અંગેના ઉકત દસ્તાવેજી આધાર ખોટા હોવાનો અથવા તો પાછળથી ઉભા કરાયેલ હોવાનો કોઈ બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલો નથી. ત.ક.અધિકારી સરોજબેન મોઘજીભાઈ ચૌધરીની બચાવપક્ષ તરફ કરેલ ઉલટ તપાસમાં ભોગબનનારની શાળામાં પ્રવેશ કયા આધારે મેળવેલ તેના કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. પરંતુ આરોપીક્ષે ઉકત બચાવને કેન્દ્ર સ્થાને રાખતાં પણ અને હાલના હાથ ઉપરના કેસમાં ઉકત કરેલ ચર્ચા મુજબ સંબંધિત ગ્રામ પંચાયતે આપેલ ભોગબનનારના જન્મ અંગેનું પ્રમાણપત્ર તેમજ શાળા છોડયાનું પ્રમાણપત્ર નો દસ્તાવેજ ખોટો હોવાનો અથવા તો તે પાછળથી

ઉભો કરાયેલ હોય તેવું કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ ન હોઈ, ભોગબનનારની ઉંમર અંગે ત.ક.અધિકારીશ્રીની બચાવપક્ષે લીધેલ ઉલટ તપાસ આધારે લીધેલ બચાવ કે આ સંબંધે દલલોના તબકકે લીધેલ તાર્કિક બચાવ હાલના તબકકે ટકી શકે તેમ નથી. તે સંજોગોમાં બનાવના દિવસે એટલે કે, તા. ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ ૨ માસ અને ૧૬ દિવસ એટલે કે સગીર હોવાનું ફરિયાપક્ષે પુરવાર કરેલ છે, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "**હકાર**" માં આપવામાં આવે છે.

<u>**મુદ્દા નં. ૨**</u> **:–**

**(૨૪)** આ કામે મુદ્દા નં. ૨ સંદર્ભે ફરિયાદપક્ષે આંક.૫ ના તહોમતનામાં અનુસારનો આક્ષેપિત કેસ મુજબનો ગુન્હો આરોપીએ આચરેલ છે કે કેમ ? તે માટે ફરિયાદપક્ષ તરફથી ભોગબનનારનો પુરાવો ખુબ મહત્વનો હોય છે અને તે સંદર્ભનો સ્પષ્ટ પુરાવો ભોગબનનાર પોતે જ આપી શકે. જેથી ભોગબનનારને સાહેદ નં. ૮ તરીકે ફરિયાદપક્ષ ધ્વારા આંક. ૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં તેમજ અત્રેની અદાલત સમક્ષ તેઓએ પુરાવો આપેલો છે ત્યારે તે પુરાવો આપતાં સમયે તેઓનું વર્તન ધ્યાનમાં લેતાં તેઓનું વર્તન સહજ હોવાનું અને જુબાની આપતાં સમયે તેણીને શીખવાડીને લાવવામાં આવેલ હોય એટલે કે તેઓ ટયુટર વિટનેસ હોય તેવું પણ માની શકાય તેમ નથી. મજકુર ભોગબનનારે તેણીના આંક. ૨૪ ના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે તેના મામાના ત્યાં રહેવા વેકેશનમાં ગયેલ હતી. બનાવ તા. ૨૨/૦૫/૨૦૨૨ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સમયે તેના મામાના ઘરે રહેતા હતા ત્યાં ચાંદખેડા મુકામે ઘરે બનેલો. તેણી તથા તેના મામાની દિકરી નેહા ઘરે હાજર હતાં અને તેના મામા તથા મામી સિધ્ધપુર લગ્નમાં ગયેલા હતાં. તેઓ બંને બહેનો ઘરે હતી ત્યાં આરોપી મિહીર ત્યાં આવેલો

અને તેણે તેણીના મામાના ઘરની જાળી ખખડાવેલી જેથી તેની બહેન નેહાએ ઘરની જાળી ખોલતાં આરોપી મિહીરે તેની બહેન નેહાને ધકકો મારેલો જેથી નેહાબેન નીચે પડી ગયેલા અને ત્યારબાદ આરોપીએ તેણીનો જમણો હાથ કાંડામાંથી પકડેલો અને ખેંચવાની કોશીષ કરેલી જેથી તેની બહેન નેહાએ બુમ પાડતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલો.

(એ) ભોગબનનારના પુરાવાની સાથે સાથે ભોગબનનારની બહેન નેહાબેનની આંક. ૨૮ થી રજુ થયેલ જુબાની જોવામાં આવે તો, તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૨૨/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદ મુકામે બનેલો. તેઓ અમદાવાદ મુકામે તેમના મામાના દિકરા ભુપેન્દ્રભાઇ ભીખાભાઇ રાવતના ઘરે રહી પરીક્ષાની તૈયાર કરતાં હતાં. બનાવના દિવસે ભુપેન્દ્ભાઇ અને તેમનાં પત્ની તથા તેમનો દિકરો લગ્નનો પ્રસંગ હોવાથી સિધ્ધપુર મુકામે સાંજે ૫-૩૦ થી ૬-૦૦ વાગ્યાના સમયે ગયેલા. તેમના મકાનમાં તેઓ અને ભોગબનનાર હાજર હતાં. તેઓ પરીક્ષાની તૈયાર કરતાં હોય સાંજના ૮-૦૦ વાગ્યે ઘરે આવેલ ત્યારે ભોગબનનાર સોફામાં બેઠેલ હતી. ત્યારબાદ થોડા સમય પછી તેમના ઘરનો દરવાજો ખખડાવવાનો અવાજ થતાં તેઓ તથા ભોગબનનાર ગભરાઇ ગયેલા અને તેઓ બંનેએ બારીમાં થઇને દરવાજો ખખડાવનાર ઇસમને જોયેલ તો મિહીર રહે. મોટાસડા વાળો હતો. તે પછી પણ તેઓએ દરવાજો ન ખોલતાં મિહીરે જાતે જાળીમાં હાથ નાંખી દરવાજો ખોલ્યો જેથી તેઓ બંને જણા ઉભા થઇ ગયેલા અને મિહીર ઘરમાં આવેલો અને મિહીરે ધકકો મારતાં તેઓ નીચે પડી ગયેલ અને તે ભોગબનનાર સાથે જબરજસ્તી કરવા લાગેલો, જેથી તેઓએ બુમાબુમ કરવા લાગતાં અને મિહીરને તેઓએ પુછેલ કે તું કોણ છે

અને તું કયાંથી આવેલ છે તેવું પુછતાં તેણે કંઇ જણાવેલ નહી અને બુમાબુમ કરતાં તે ત્યાંથી ભાગી ગયેલો.

(બી) આમ, ફરિયાદી/ભોગબનનારના પુરાવાને આ સાહેદ તેમના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન આપે છે અને આરોપીએ ઘરમાં આવી પ્રથમ ભોગબનનારની બહેન નેહાને ધકકો મારી નીચે પાડી દીધેલ અને ત્યારબાદ ભોગબનનારનો જમણો હાથ કાંડામાંથી પકડેલ અને ખેંચવાની કોશીષ કરેલ છે અને આ નેહાબેને બુમાબુમ કરતાં આરોપી ત્યાંથી નાસી ગયેલ છે. વધુમાં, ભોગબનનારે તેની જુબાનીમાં જણાવેલ છે કે, બીજા દિવસે તેના મામી તથા મામા આવેલ અને તેના મામા દિવસે નોકરી ગયેલ ત્યારે નેહાએ તેની મામીને આ બનાવની વાત કરેલી. ત્યારબાદ તેના મામાના કહેવાથી તેની મમ્મીને અમદાવાદ બોલાવેલ અને તેના મામાએ ફરિયાદ કરેલી. સાહેદ નેહાબેન પણ તેમના પુરાવામાં બીજા દિવસે તેઓ તથા ભોગબનનારે આ બનાવની વાત તેમની ભાભીને કરેલી અને તેમના ભાઇ નોકરીથી પરત આવતાં તેમના ભાભીએ તેમના ભાઇને આ બાબતની જાણ કરેલી અને ત્યારબાદ તેમના ભાઇએ ચાંદખેડા પો.સ્ટે. માં બનાવ સંબંધે ફરિયાદ નોંધાવેલી. જોકે ભોગબનનાર અને સાહેદ નેહાબેનના પુરાવામાં અમુક વિરોધાભાષ જણાય આવે છે પરંતુ તે વિરોધાભાષથી કેસની મુખ્ય હકીકતને અસર થતી ન હોય ત્યારે તેવા વિરોધાભાષના કારણે ભોગબનનાર અને સાહેદ નેહાબેન ખોટો પુરાવો આપી રહયા છે અને આવો કોઇ બનાવ બનેલ જ નથી તેવી આરોપીપક્ષની દલીલ માની શકાય નહી.

(૨૫) ભોગબનનારની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેણી અને આરોપી કયાંય સાથે ગયેલા નથી તેમજ કોઇ મંદીરે ગયા હોય અને સાથે દર્શન કર્યા હોય તેવું બનેલ નથી.

તેણીને આરોપીના વકીલ ધ્વારા ફોટાઓ બતાવવામાં આવે છે જે ફોટા તેણીના છે પરંતું તેણી કયાંય ગયેલ નથી. જે ફોટા આંક. ૨૭ થી રજુ થયેલ છે. વધુ ઉલટ તપાસમાં તેણી જણાવે છે કે તેણી તેના રાઈટીંગ ઓળખી શકે. તેને કેટલાક લખાણવાળા કાગળો બતાવવામાં આવે છે તેમાં લખાવેલા અક્ષરો તેણીના નથી. તેને જે લખાણવાળા કાગળો બતાવવામાં આવે છે તેમાં જે અક્ષરો છે તેના માટે હસ્તાક્ષર નિષ્ણાતને મોકલવામાં આવે તો તેના માટે તેની સંમતિ નથી. તેણીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણીએ મોબાઈલ નં. ૮૧૫૬૦૪૯૦૪૦ થી તેના મામાના ઘરનું સરનામું આરોપીને આપેલ અને ત્યાં બોલાવેલ. તેણીએ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેણીએ બનાવ પછી પણ તેના ભાઈ અને તેના પિતાના નંબર ઉપરથી જુદા જુદા મેસેજો આરોપીના ફોન ઉપર કરેલા અને તેમાં એવું કીધેલું કે મારા મામાના કહેવાથી મારે પોલીસમાં જવાબ આપવો પડેલો. બનાવના બે ત્રણ દિવસ પછી તેણીએ પોલીસ સ્ટેશનમાં જવાબ લખાવેલો. જવાબ લખાવવા તેણી, તેની મમ્મી, તેના મામા-મામી અને નેહાબેન ગયેલા. તેણીએ જવાબ લખાવ્યો તે પ્રમાણે જ લખેલું. તેણીએ ઈન્કાર કરેલ છે કે સરતપાસમાં લખાવેલી હકીકતો તેણીએ પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. તેના મામાના ઘરે બે દરવાજા છે એક લોખંડનો છે અને તેની અંદર લાકડાનો છે. હાલમાંથી દરવાજાની બહાર ઉભેલો માણસ જોઈ શકાય. નેહાબેન આરોપીને ઓળખતા હતા કે કેમ તેની તેને ખબર નથી. આરોપી આવ્યો ત્યારે લાકડાનો દરવાજો બંધ હતો કે ખુલ્લો તેની તેને ખબર નથી. લોખંડનો દરવાજો અંદરની બાજુથી બંધ હતો. દરવાજો ખખડાવ્યો ત્યારે આવનાર વ્યકિતને નેહાબેન કોણ છે અને કયાંથી આવેલ છે તે બાબતે પુછેલું કે કેમ તેની તેને ખબર નથી. દરવાજો ખખડાવ્યો ત્યારે તેણી રસોડામાં હતી.

દરવાજો ખખડાવ્યો ત્યારે તેણી ત્યાં આવેલી. તેના મામાના ઘરની માળ ઉપર આવેલા ત્રણ ઘર પૈકી એક ઘરમાં કોણ રહે છે તેની ખબર છે પરંતું બાકીના બે ઘરમાં ભાડુઆત રહે છે પરંતું કોણ રહે છે તેની ખબર નથી. તેના મામા જયાં રહે છે તે બિલ્ડીંગ સી.સી.ટી.વી. થી સજ્જ કરેલ છે અને જે બિલ્ડીંગમાં નીચેથી આવનાર વ્યકિત કોણ છે તે જોઇ શકાય. વધુ ઉલટ તપાસમાં તેણીએ જણાવેલ છે કે, તેને જજ સાહેબ પાસે જવાનું તેના મામાએ કીધેલું. જજ સાહેબ પાસે તેણી તેના મામા-મામી, મમ્મી અને નેહાબેન ગયેલા. પહેલા પોલીસ સ્ટેશન અને પછી જજ સાહેબ જોડે ગયેલા. પોલીસ સ્ટેશન ગયેલા ત્યારે તેના મામા પોલીસને મળેલા. તેણીએ ઇન્કાર કરેલ છે કે, તે વખતે તેના મામાએ એવું કીધેલું કે પોલીસમાં લખાવ્યું છે તે પ્રમાણે જજ સાહેબને કહેવાનું. તેણીએ એ હકીકતનો પણ ઇન્કાર કરેલ છે કે, તેણી કહે છે તેવો કોઇ બનાવ બનેલ નથી. તેણીએ એ હકીકતનો પણ ઇન્કાર કરેલ છે કે, આરોપીને તેણી વારંવાર ફોન ઉપર મેસેજ કરતી, પ્રેમપત્રો પણ લખતી હતી અને બનાવ પછી પણ આરોપીને ફોન ઉપર તેણીએ તેના પિતા, તેના ભાઇ અને તેના મોટા બાપાના ફોન ઉપરથી મેસેજો કરેલા તે હકીકતનો ઇન્કાર કરેલ છે. તેણીએ એ હકીકતનો પણ ઇન્કાર કરેલ છે કે, તેણીએ સરતપાસમાં જણાવેલ છે તે પ્રકારનો કોઇ બનાવ બનેલ નથી. આમ, ભોગબનનારની ઉલટ તપાસ કરી આરોપી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હતો અને ભોગબનનાર આરોપીને ફોન કરતી હતી તેમજ પ્રેમ પત્ર લખતી હતી અને આરોપી સાથે ફોટા પણ પડાવેલ છે અને બનાવ વખતે આરોપીને ભોગબનનારે બોલાવેલ છે તેવો જે બચાવ લેવામાં આવેલ છે તે ટકવાપાત્ર નથી. કારણ કે, ભોગબનનાર તે એક ૧૫ વર્ષ ૨ માસ અને ૧૬ દિવસની

સગીર વયની બાળકી છે અને તેને પોતાનું સારૂ નરસું ખબર હોય નહી અને તેની સગીર અવસ્થાનો લાભ લઇ આરોપીએ તેણીને પોતાની પ્રેમ જાળમાં ફસાવી હોય અને જેના કારણે પ્રેમ પત્ર લખેલ હોય કે ફોટા પડાવેલ હોય તેથી આરોપીએ કોઇ ગુનો કરેલ નથી તેવી આરોપીપક્ષની દલીલ ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી.

(૨૬) વધુમાં, ભોગબનનારની બહેન નેહાબેનની આંક. ૨૮ થી રજુ થયેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેણી ફોનનો ઉપયોગ કરતી નથી અને ઘરે ફોન કરવા માટે તેના ભાઇ ભાભીના ફોનનો ઉપયોગ કરતી હતી. તેથી કલાસમાં સવારે ૧૨ વાગ્યે ઘરેથી નીકળતી અને સાંજે સાડા સાતથી આઠના અરસામાં પરત આવતી હતી. તેણી બનાવના અરસામાં સાડા સાત આઠના અરસામાં આવેલી. તેણી આવી ત્યારે ભોગબનનાર સોફામાં બેસેલ હતી. તેણી આવી ત્યારે લોખંડનો દરવાજો લાકડાનો દરવાજો બંધ હતો . તેણી આવી ત્યારે તેણીએ દરવાજો ખખડાવતા ભોગબનનારે ખોલેલો. ત્યારબાદ અંદર ગયા પછી લોખંડનો દરવાજો અને લાકડાનો દરવાજો બંધ કરેલો. લોખંડનો દરવાજો બહારની સાઇડે છે અને ઘરની અંદરની સાઇડે લાકડાનો દરવાજો છે. જે બારી હતી તે દરવાજાની ડાબી બાજુએ દિવાલ ઉપર હતી. બારીને જાળી હતી. દરવાજો ખખડાવ્યા બાદ બારીમાંથી તેઓએ જોયું ત્યારે તેઓ જોયા પછી બુમો પાડેલી નહી. તે વખતે તેણીએ ભોગબનનારને પુછેલ નહી કે આ વ્યકિત કોણ છે. તેણીએ તે વ્યકિતને પ્રથમ વખત જોયેલો. તેણીએ બારીમાંથી પુછેલું નહી કે શું કામ છે. ભોગબનનારે પણ પુછેલું નહી કે શું કામ છે. વધુ ઉલટ તપાસમાં જણાવે છે કે, જવાબ લખાવતાં પહેલા તેના ભાઇએ પોલીસમાં જે ફરિયાદ આપી તે તેમને વાંચી બતાવેલી. તેણીએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે,

તેના પોલીસ રૂબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, ''ત્યારબાદ થોડા સમય પછી અમારા ઘરનો દરવાજો ખખડાવવાનો અવાજ થતાં હું તથા ભોગબનનાર ગભરાઇ ગયેલા અને ત્યારબાદ અમો બંનેએ બારીમાં થઇને દરવાજો ખખડાવનાર ઇસમને જોયેલો તો મિહીર રહે. મોટાસડા વાળો હતો. તે પછી પણ અમોએ દરવાજો ન ખોલતાં મિહીરે જાતે જાળીમાં હાથ નાખી દરવાજો ખોલ્યો જેથી અમો બંને જણા ઉભા થઇ ગયેલા અને મિહીર ઘરમાં આવેલો અને મિહીરે ધકકો મારતાં હું નીચે પડી ગયેલી અને તે ભોગબનનાર સાથે જબરજસ્તી કરવા લાગેલો જેથી હું બુમાબુમ કરવા લાગતા અને મિહીરને મે પુછેલ કે તું કોણ છે અને તું કયાંથી આવેલ છે તેવું પુછતાં તેણે કંઇ જણાવેલ નહી અને મે બુમાબુમ કરતાં તે ત્યાંથી ભાગી ગયેલો.'' આ સાહેદ પોતાના પોલીસ રૂબરુના જવાબમાં જે હકીકત લખાવેલ નથી તેવી હકીકત જણાવી રહેલ છે જે હકીકતને ત.ક.અધિકારીના પુરાવાથી સમર્થન મળે છે. પરંતુ જે તે સમયે પોલીસને લખાવેલ કે લખાવવાનું રહી ગયેલ હોય તેટલા માત્રથી આરોપી બનાવ સમયે ફરિયાદીના ઘરે આવેલ નથી કે ભોગબનનાર સાથે બળજબરી કરેલ નથી કે સાહેદને ધકકો મારી નીચે પાડી દીધેલ નથી તે માની શકાય તેમ નથી.

(૨૭) ફરિયાદી ભુપેન્દ્રકુમાર ભીખાભાઇ રાવતની આંક. ૨૦ ની જુબાની જોતાં તેઓએ બનાવ નજરે જોયો નથી કે બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૫/૦૫/૨૦૨૫ ના રોજ તેઓ તથા તેમની પત્ની તથા દિકરો તેમના કૌટુંમ્બીક લગ્ન હોવાથી સિધ્ધપુર મુકામે સાંજે છ વાગ્યે ગયેલા હતાં અને લગ્ન પતાવીને રાત્રીના બારેક વાગ્યે પરત અમદાવાદ આવેલ. આરોપી મિહીરભાઇ રાવત તે તેઓ સિધ્ધપુર તેમના પરિવાર સાથે ગયેલ હતા ત્યારે આશરે ૮ થી ૯ વાગ્યે

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોક્સો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

તેમના અમદાવાદ મુકામે આવેલ ઘરે તે વખતે તેમની ભાણી ભોગબનનાર તેમજ તેમના મામાની દિકરી નેહા તેમના ઘરે આવેલ હતી અને જેઓ તેઓ લગ્નમાં ગયેલા ત્યારે તેમના ઘરે હતાં અને તેમના ઘરે રહેતા હતા. તે વખતે આરોપીએ રાત્રીના સમયે તેમનાઘરે આવી તેમના ઘરનો દરવાજો ખખડાવેલો અને તેમના ઘરના દરવાજાનું લોખ ખુલી જતાં તેણે તેમના ઘરમાં જઇ તેમની ભાણી ભોગબનનાર સોફામાં બેઠેલ હતી ત્યારે તેનો હાથ પકડીને બહાર ખેચેલ, જેથી તેમના મામાની દિકરીએ બુમાબુમ કરેલી અને આરોપીને જણાવેલ કે તું અહીથી નીકળી જા નહીતર ૧૦૦ નંબર ઉપર ફોન કરીને પોલીસને બોલાવું છું અને તે બતાવી તેમના મામાની છોકરીએ ફોન કરવાનું કરતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલો. ત્યારબાદ તેઓ તથા તેમની પત્ની લગ્નનો કાર્યક્રમ પતાવી ઘરે આવેલા ત્યારે તેમની ભોગબનનાર ભાણી તથા તેમના મામાની દિકરીએ તેમની પત્ની વૈશાલીનેબનાવ અંગેની જાણ કરેલી. આમ, ભોગબનનાર તથા સાહેદ નેહાના પુરાવાને આ સાહેદ ફરિયાદીના પુરાવાથી સમર્થન મળે છે.

(એ) વધુમાં, આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, બીજા દિવસે સવારે તેઓ ઉઠીને તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ તેમની ઓફીસ સમય થતાં ઓફીસ નીકળી ગયેલા અને તેમને કોઇએ આ બનાવની વાત જણાવેલ નહી. ત્યારબાદ સાંજના સમય તેમની પત્નીના કહેવાથી તેમના બહેન તથા બનેવી મોટાસડા મુકામેથી તેમના ઘરે તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ આવેલા અને તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ સવારે તેમના ઘરના રૂમની અંદર ચર્ચા કરતાં હતા અને તેમની બહેન સુમિત્રા રડતી હતી અને તેઓએ તેને રડવાનું કારણ પુછતાં તેણે તેમને એવું જણાવેલ કે, તેમના ભાણીયા જયરાજને આ કામના આરોપી મિહીરે મારી નાખવાની ધમકી આપી છે જેણે કેમ ધમકી આપી છે જે બાબતે તેઓએ

પુછતાં ભોગબનનારને આરોપીએ કહેલ કે હું તારા ઘરે આવેલ તે બાબતની જાણ કોઈને કરીશ તો તારા ભાઈને મારી નાખીશ તેવુ કહેલ. પરંતું આરોપીએ ભોગબનનારને તારા ઘરે આવેલ તે બાબતની જાણ કોઈને કરીશ તો તારા ભાઈને મારી નાખીશ તેવું કહેલ હોવાની હકીકતને ખુદ ભોગબનનાર તેમજ સાહેદ નેહાબેનના પુરાવાથી સમર્થન મળતું નથી અને તે હકીકત આ સાહેદ વધારે પડતી જણાવી રહયા હોય તેવું જણાય આવે છે.

(બી) વધુમાં, ફરિયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, તેમન બનાવ અંગેની જાણ થતાં તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ આ કામના આરોપીના માતા પિતાનો સંપર્ક કરેલો અને તેમણે મળવા માટેનો સમય માંગેલો અને સાંજે ૫–૩૦ થી ૬–૦૦ ની વચ્ચે આરોપીની માતાને ફોન કરીને જણોલ કે તમારો દિકરો મારા ઘર અમદાવાદ મુકામે આવીને આવુ કૃત્ય કરેલ છે જેથી તમે અમદાવાદ આવો તે બાબતી જાણ તેઓએ તેમને ચાંદખેડા પોલીસ સ્ટેશનથી જ જણાવેલ, તો તેમણે જણાવેલ કે, તમારાથી જે થાય તે કરી લો અને બીજી વ્યકિતઓ પાસેથી તેમને ફોન કરી ધમકીઓ અપાવેલી અને તેઓએ ચાંદખેડા પો.સ્ટે. માં બેસીને રાત્રીના ૧૧–૦૦ વાગ્યા સુધી આવવાની રાહ જોયેલી ત્યારબાદ તેઓએ જીરો નંબરથી ફિરયાદ આપેલી. જે ફરિયાદ આંક. ૨૧ થી રજુ થયેલ છે.

(સી) ફરિયાદીની વધુ સરતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેમને પેનડ્રાઈવ ફૂટેજ તેમજ ફોટોગ્રાફ બતાવવામાં આવે તો ઓળખી શકે. આંક. ૨૨ થી રજુ કરેલ ડી.ઈ. થી રજુ થયેલ પેનડ્રાઈવ બોર્ડ ઉપરના યુબનટુ સોફટવેર વાળા કોમ્પ્યુટરમાં ચાલુ કરીને ફોટા તેમજ સી.સી.ટી.વી. ફૂટેજ વાળો વિડીયો જોતાં અલગ અલગ ફોટોગ્રાફ છે જેમાં ટોપી પહેલા સફેદ શર્ટ વાળા એક ભાઈ દેખાય

છે તે ફરિયાદીના કહેવા પ્રમાણે હાલના આરોપી છે. આરોપીપક્ષે આરોપીની ઓળખ સામે વાંધો લીધેલ છે અને વિડીયોમાં દેખાતા વ્યકિતએ ટોપી પહેરેલ છે અને રૂમાલ રાખેલ છે અને ચોખ્ખું દેખાતું નથી તેથી તેમના વાંધાની નોંધ કરેલ છે. જે ફૂટેજ તેઓએ તેમની સોસાયટીમાંથી મળેવેલ છે.

(ડી) ફરિયાદીની આરોપીપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, તેમની સોસાયટીમાં ૨૦૦ ઘર આવેલા છે, તેઓ જે ચોથા માળે રહે છે અને એક ફલોર ઉપર ચાર ઘર આવેલા છે અને બાકીના ત્રણ ઘરો જુદા જુદા કુટુંબ સાથે રહે છે. તેઓએ સ્વીકારેલ છે કે તેમને બનાવની જાત માહિતી નથી અને બનાવની જાણ તેમના પત્નીએ કરેલી. આમ આ સાહેદનો પુરાવો જે હીયરસે પુરાવો છે અને તેમને તેમની પત્નીએ બનાવની વાત કરેલી અને તેમની પત્નીને ભોગબનનાર તથા સાહેદ નેહાબેને બનાવ અંગેની વાત કરેલી છે, જે હકીકતને ભોગબનનાર તથા સાહેદ નેહાબેનના પુરાવાથી પુરવાર થાય છે. આમ, આ સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને પરોક્ષ રીતે સમર્થન મળે છે.

(૨૮) ભોગબનનારની મામીને આંક. ૨૯ થી તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો જોતાં તેઓએ પણ બનાવ નજરે જોયેલ નથી કે બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી અને તેમનો પુરાવો હીયરસે એવીડન્સ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છેકે, લગ્નનો પ્રસંગ પતાવી તેઓ ૨૩ તારીખે સવારે તેમના ઘરે આવેલા. તેમના પતિ ૨૩ તારીખના દિવસે નોકરી ગયેલા. ત્યારબાદ તેમની નણંદ તથા ભોગબનનારે તેમને જણાવેલ કે, આપણા ઘરે મોટાસડા ગામનો મિહીર સાંજના ૮ થી ૮-૩૦ વાગ્યાની વચ્ચે આવેલ હતો. તે આપણા ઘરના દરવાજો ખખડાવતો હતો અને દરવાજાનો હડો (હેન્ડલ) મિહીરે હાથ

નાખીને ખોલેલ અને ઘરની અંદર આવી ભોગબનનારનો હાથ પકડેલો અને નેહાનો ધકકો મારેતા નેહા નીચે પડી ગયેલ હતી. આ સાહેદે જે હકીકત જણાવેલ છે તેને ભોગબનનાર તથા સાહેદ નેહાબેનના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન મળે છે અને ભોગબનનાર તથા નેહાબેને બીજા દિવસે સાહેદ ભોગબનનારની મામીને બનાવની વાત કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં, સાહેદ તેમના પુરાવામા જણાવે છે કે, ભોગબનનારનો હાથ પકડીને કહેતો હતો કે તું અહીયાં આવી ગયેલ છે મે તને આટલી બધી ધમકીઓ આપી તેમ છતાં તું અહીયાં આવી ગયેલ છે અને તને મારો ડર નથી લાગતો તેવું જણાવેલું. પરંતુ આવી કોઈ હકીકત ભોગબનનાર તેમજ સાહેદ નેશાબેન જણાવતા નથી. આમ આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી કે બનાવ અંગે તેઓને કોઈ જાત માહિતી નથી પરંતુ તેઓને ભોગબનનાર તથા સાહેદ નેહાબેને બનાવની વાત કરેલ તે હકીકતને તેમના પુરાવાથી સમર્થન આપે છે.

(એ) આ સાહેદની આરોપીપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં બનાવના બે અઢી મહીના પહેલાથી નેહા અને ભોગબનનાર તેમના ત્યાં આવેલ હતી. ભોગબનનાર વેકેશન ગાળવા આવેલ હતી. બનાવની તેમને જાત માહિતી નથી. બનાવવાળી જગ્યાએ તેઓ છેલ્લા ચાર વર્ષથી રહે છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમને ભોગબનનાર કે નેહાએ કોઈ વાત કરેલ નથી અને તેઓ કહે છે તેવો કોઈ બનાવ બનેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો સીધી રીતે નહી પરંતુ પરોક્ષ રીતે ફરિયાદપક્ષને મદદરૂપ થાય છે.

(૨૯) ભોગબનનારના પિતાએ તેમની આંક. ૩૧ ની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૩/૫/૨૦૨૫ ના રોજ અમદાવાદ ખાતે તેમના સાળાના ઘરે બનાવ બનેલો. તે વખતે તેઓ દાંતા

(મોટાસડા) ખાતે હતા. તેમની પત્ની સુમિત્રાબેન પણ મોટાસડા મુકામે હતાં. ભોગબનનાર તેમની દિકરી ચાંદખેડા મુકામે તેના મામાના ત્યાં ગયેલ હતી. તા. ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ તેમના સાળાએ તેમને તથા તેમની પત્નીને અમદાવાદ મુકામે બોલાવેલા અને તે વખતે તેઓ, તેમની દિકરી ભોગબનનાર, તેમની પત્ની તથા તેમના સાળા તથા તેમની પત્ની પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાં ફરિયાદ તેમના સાળાએ લખાવેલી. આ કામના આરોપી મિહીરે તેમના સાળાને ઘરે જઇ તેમની ભોગબનનાર દિકરીનો હાથ પકડેલો તે બાબતની ફરિયાદ તેમના સાળાએ લખાવેલી. આરોપીપક્ષ તરફે તેમની કરેલ ઉલટ તપાસમાં બનાવ વિશે તેઓ કંઇ જાણતા નથી. આમ, આ સાહેદને બનાવ અંગે કોઇ જાત માહિતી નથી અને બનાવ નજરે જોયેલ નથી પરંતુ એટલી હકીકત આ સાહેદના પુરાવાથી નીકળી આવે છે કે તેમના સાળાએ તેમને અમદાવાદ મુકામે બોલાવેલ અને ત્યારબાદ આ કામના આરોપી મિહીરે તેમના સાળાને ઘરે જઇ તેમની ભોગબનનાર દિકરીનો હાથ પકડેલો તે બાબતની ફરિયાદ તેમના સાળાએ લખાવેલી તે હકીકતને સમર્થન મળે છે.

(૩૦) સાહેદ ભોગબનનારની માતાએ તેમની આંક. ૩૨ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તથા તેમના પતિ મોટાસડા હતા ત્યારે તેમના ભાભીએ તેમને તથા તેમના પતિને અમદાવાદ મુકામે બોલાવેલા. જેથી તેઓ ત્યાં ગયેલા અને બનાવ અંગેની તેમની ભાભીએ તેમને વાત કરેલી અને જણાવેલ કે, મયુર કરીને મોટાસડા ગામનો છોકરો છે જે તેમની દિકરી મોટાસડા મુકામે ભણતી હતી ત્યારથી હેરાન કરતો હતો અને અમદાવાદ મુકામે પણ તેમની દિકરી તેમના ભાઇના ત્યાં ગયેલી તે વખતે ભોગબનનારને ધમકી આપીને જણાવેલ કે, તું લગ્ન નહી કરે તો હું તારા ભાઇને ઉપાડી જઇશ અને મારી નાખીશ તેવી ધમકી

આપેલી અને તું પણ કોઇને કહીશ તો તને પણ મારી નાખીશ અને તેમની દિકરી મોટાસડા મુકામે હતી તે દરમ્યાન પણ આ આરોપી તેને હેરાન કરતો હોઇ તેઓ તેની મમ્મીને પણ કહેવા ગયેલી છતાં પણ આરોપી તેમની ભોગબનનાર દિકરીને હેરાન કરતો હતો. ત્યારબાદ અમદાવાદ મુકામે જઇ આરોપીની માતાને જણાવેલ કે, તમારો દિકરો કયાં છે તો તેની માતાએ તેમને જણાવેલ કે, મારો દિકરો મારા ઘરે છે અને તેઓએ તેમને એમ પણ જણાવેલ કે, તમારો દિકરો અમારા ઘરે કેમ આવેલ હતો તેમ પુછતાં તેઓએ જણાવેલ કે, તમારાથી થાય તે કરી લો તેવી વાત કરેલી. ત્યારબાદ તેઓ, તેમની ભોગબનનાર દિકરી, તેમના ઘરવાળા અને તેમના ભાઇ અને ભાભીએ આરોપી વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી.

(એ) આ સાહેદની આરોપીપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ વિશે તેઓ કંઇ જાણતી નથી અને તેમને કોઇ વાત કરેલ નથી. તેમનો દિકરો જયરાજ હાલમાં અભ્યાસ કરતો નથી. જયરાજે ધોરણ-૧૧ સુધીનો અડધો અભ્યાસ કરેલ છે. તેમના દિકરાએ અભ્યાસ છોડીને બેએક વર્ષ થયેલ છે. તેમનો દિકરો મોટાસડા ગામે જ અભ્યાસ કરેલ છે. તેઓએ તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે,'' મયરુ કરીને મોટાસડા ગામનો છોકરો છે જે મારી દિકરી મોટાસડા મુકામે ભણતી હતી ત્યારથી હેરાન કરતો હતો અને અમદાવાદ મુકામે પણ મારી દિકરી મારા ભાઇના ત્યાં ગયેલી તે વખતે ભોગબનનરાને ધમકી આપીને જણાવેલ કે, તું લગ્ન નહી કરે તો હું તારા ભાઇને ઉપાડી જઇશ અને મારી નાખીશ તેવી ધમકી આપેલી અને તું પણ કોઇને કહીશ તો તને પણ મારી નાખીશ અને મારી દિકરી મોટાસડા મુકામે હતી તે દરમ્યાન પણ આ

આરોપી તેને હેરાન કરતો હોઇ હું તેની મમ્મીને પણ કહેવા ગયેલી છતાં પણ આરોપી મારી ભોગબનનાર દિકરીને હેરાન કરતો હતો.'' પરંતુ આ હકીકત લખાવેલ નહી હોવાનો ત.ક.અધિકારીએ કબુલ રાખેલ છે. પરંતુ આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ ભોગબનનાર સાથે જબરજસ્તી કરેલી અને તે બનાવ બનતો તેમના ભાઇએ તેમને અને તેમના પતિને અમદાવાદ બોલાવેલ અને ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૩૧) પંચ સેનામા જગદીશભાઇ શિવાભાઇને આંક. ૮ થી તપાસેલ છે અને તેમની જુબાનીમાં આંક. ૦૯ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. બીજા પંચ બાબુભાઇ શંકરભાઇ સેનમાને આંક. ૧૦ થી તપાસેલ છે. આ બંને પંચો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી પરંતુ પંચનામાં પોતાની સહી હોવાનું કબુલ રાખે છે. આ પંચ સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી. શ્રી ધ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસથી પણ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. આમ, પંચ સાહેદોના પુરાવાથી ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમની સહી હોવાનો સ્વીકાર કરેલ છે. સદર પંચનામાની હકીકતને ત.ક.અધિકારીના પુરાવાથી સમર્થન મળે છે અને પંચોની હાજરીમાં પંચનામું કરેલ હોવાની હકીકત તેઓ જણાવે છે તે નહિ માનવા કોઇ કારણ નથી.

(૩૨) પંચ સોમાજી હીરાભાઇ સેનમાને આંક. ૧૧ થી તપાસેલ છે અને તેમની જુબાનીમાં આંક. ૧૨ થી આરોપીની શરીરસ્થિતિનુ પંચનામું રજુ થયેલ છે. બીજા પંચ નટવરભાઇ ભેમાભાઇ સેનમાને આંક. ૧૩ થી તપાસેલ છે. આ બંને પંચ સાહેદો પંચનમાની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા

જાહેર કરી એ.પી.પી શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ પંચનામાની લેશમાત્ર હકીકતે સમર્થન આપતા નથી. પરંતુ તેમની જુબાનીથી પંચનામામાં તેમની સહી હોવાનું કબુલ રાખેલ છે.

(૩૩) પંચ વિજયભાઇ કીરીટભાઇ પરમારને આંક. ૧૬ થી તપાસેલ છે અને તેમની જુબાનીમાં આંક. ૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. બીજા પંચ મીહીરભાઇ પ્રફુલભાઇ સોલંકીને આંક. ૧૯ થી તપાસેલ છે. આ બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી શ્રી ધ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન આપતા નથી. પરંતું તેમની જુબાનીથી પંચનામામાં તેમની સહી કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ બાબતે પંચનામાં તેમજ પંચસાહેદોના પુરાવાની મુલવણી કરતાં અગાઉ સ્પષ્ટતા કરવાનું ઉચિત જણાય છે કે, પંચનામાંના પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થવાથી કે પંચનામાની હકીકતને સમર્થન ન આપવાના કારણસર પંચનામું પુરાવામાં ગ્રાહય રાખી આરોપી વિરૂધ્ધ ઉપયોગમાં ન લઇ શકાય તેવો કોઇ નિયમ નથી. પંચનામું તે પંચોની હાજરીમાં એટલે કે, સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવું તે ડહાપણનો નિયમા છે, નહિ કે કાયદાનો. આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટના **<u>૨૦૦૧, ક્રિ.લો.જ. પાન નં.૫૦૪ ઉપર પ્રસિધ્ધ થયેલ સ્ટેટ ગવર્નમેન્ટ એન.સી.ટી.ઓફ દિલ્હી વિરૂધ્ધ સુનિલ</u>** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહું ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે :

"There is no requirement either under Section 27 of the Evidence Act or under Section 161 of the Code of Criminal Procedure, to obtain signature of

independent witnesses on the record in which statement of an accused is written. The legal obligation to call independent and respectable inhabitants of the locality to attend and witness the exercise made by the police is cast on the police officer when searches are made under Chapter VII of the Code. Section 100(5) of the Code requires that such search shall be made in their presence and a list of all things seized in the course of such search and of the places in which they are respectively found, shall be prepared by such officer or other person "and signed by such witnesses". It must be remembered that search is made to find out a thing or document which the searching officer has no prior idea where the thing or document is kept. He prowls for it either on reasonable suspicion or on some guess work that it could possibly be ferreted out in such prowling. It is a stark reality that during searches the team which conducts search would have to meddle with lots of other articles and documents also and in such process many such articles or documents are likely to be displaced or even strewn helter-skelter. The legislative idea in insisting on such searches to be made in the presence of two independent inhabitants of the locality is to ensure the safety of all such articles meddled with and to protect the

rights of the persons entitled thereto. But recovery of an object pursuant to the information supplied by an accused in custody is different from the searching endeavour envisaged in Chapter VII of the Code. (Para 18)

"It is an archaic notion that actions of the police officer should be approached with initial distrust. We are aware that such a notion was lavishly entertained during British period and policemen also knew about it. Its hang over persisted during post-independent years but it is time now to start placing at least initial trust on the actions and the documents made by the police. At any rate, the court cannot start with the presumption that the police records are untrustworthy. As a proposition of law the presumption should be the other way around. That official acts of the police have been regularly performed is a wise principle of presumption and recognised even by the legislature. Hence when a police officer gives evidence in court that a certain article was recovered by him on the strength of the statement made by the accused it is open to the court to believe the version to be correct if it is not otherwise shown to be unreliable. It is for the accused, through cross-examination of witnesses

or through any other materials, to show that the evidence of the police officer is either unreliable or at least unsafe to be acted upon in a particular case. If the court has any good reason to suspect the truthfulness of such records of the police the court could certainly take into account the fact that no other independent person was present at the time of recovery. But it is not a legally approvable procedure to presume the police action as unreliable to start with, nor to jettison such action merely for the reason that police did not collect signatures of independent persons in the documents made contemporaneous with such actions. (Para 20)"

(૩૪) નામદાર સુપ્રિમકોર્ટનો ઉપરોકત ચુકાદો તાજેતરમાં નામદાર **ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૬(૨), જી.એલ.આર. પાન નં. ૧૮૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પુનરોચ્ચાર કરી તે સિધ્ધાંતને સમર્થન આપે છે.

(૩૫) આ કામે ભોગબનનારની જુબાનીમાં આંક. ૨૫ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન રજુ થયેલ છે, જે નિવેદન ભોગબનનારે એડીશનલ ચિફ જયુડી.મેજી. શ્રી, દાંતા નાઓ સમક્ષ તા. ૩૦/૦૫/૨૦૨૫ ના રોજ આપેલું છે, અને તેમાં પણ ભોગબનનારે જણાવેલ છે કે, ''આ વર્ષે હું દસમા ધોરણની બોર્ડની પરીક્ષા હોવાથી પેપર આપવા માટે મોટાસડા થી વાઘડાચા મુકામે જતી હતી. હું મારા ઘરેથી સ્ટેશન સુધી ચાલતી જતી ત્યારે અમારા મેલ્લાનો છોકરો મિહીર ડાહયાભાઈ

રાવત મને રસ્તામાં એવી જગ્યાએ ઉભી રાખતો જયાં કોઇ આવતું જતું ન હોય અને મને ઉભી રાખીને ધમકીઓ આપતો. મિહીર મને એવું કેતો કે તું મારી જોડે વાતો કરે, તું મારી જોડે ભાગીને લગ્ન કર, ના કરે તો તારા ભાઇને મારે કે તો તારા પપ્પાને મારે, મર્ડર કરી નાખે, એ રીતની ખોટી ધમકીઓ રસ્તામાં આપતો, મિહીર અમારા મહોલ્લાનો હતો એટલે મારા ભાઇને ફ્રેન્ડ તરીકે હતો. મારા ભાઇને આવી બધી કંઇ ખબર હતી નઇ. એટલે મિહીરનો નંબર મારા મમ્મીના ફોનમાં એડ હતો. અમે મારા મમ્મીના ફોનમાંથી વ્હોટસએપ ઉપર સ્ટેટસમાં હું મારા ફોટા મુકતી તો એ ધમકીઆપતો કે તારા ફોટા સ્ટેટસમાંથી લઇ ઓપન કરીને વાઇરલ કરી દઇશ. એ આ રીતે કરતો એટલે હુ ડરી જતી. ડરમાં હતી ને મમ્મી લોકોને કહી નતી શકતી. પપ્પાનો સ્વભાવ એવો હતો એટલે કોઇને કેવા જેવુ હતું ના એટલે વેકેશન પડયુ એટલે મારા મામાના ઘરે જતી રહી. મારા મનમાં એમ હતું કે ત્યાં તો હેરાન નઇ કરે. પછી ૨૨ તારીખે મિહીર મારા મામાના ઘરે આયો તો. એને ઘરનો દરવાજો ખખડાયો હું રોટલી કરતી તી. એક મારા બેન નેહા જે મારા માસી થાય તેમને દરવાજો ખોલ્યો. મિહીર નેહાને ધકકો માર્યો., નેહા નીચે પડી એટલે હું બાર આવી એટલે મિહીર મારોહાથ પકડીને મને ખેંચતો તો એટલે નેહાએ મિહીરને એમ કીધું કે ભઇ તું જે બી હોય તું આવું ના કર, તે મને એમ કેતો તો કે મે તને આટલી ધમકી આલી, તારા પપ્પા તારા ભાઇને મારવાનું કીધું તોય તું અમદાવાદ આવતી રી, તું ચલ મારે જોડે જાગી જા, નેહાએ એને એમ કીધું કે તું જતો રે નહીતર હું બુમો પાડું, હું એકદમ ગભરાઇ ગઇતી એટલે નેહાએ પેલાને એમ કીધું કે હું પોલીસને ૧૦૦ નંબર ડાયલ કરૂ, પછી ત્યાંથી પેલો ભાગી ગયો. ''આમ, ભોગબનનારની જુબાનીને તેણીના બી.એન.એસ.એસ. ની

કલમ–૧૮૩ ના નિવેદનથી પણ સમર્થન મળે છે.

**(૩૬)** ત.ક.અધિકારી રમીલાબેન હરખાભાઇ પટેલને આંક. ૩૩ થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ચાંદખેડા પો.સ્ટે. માં પી.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે તા. ૨૪/૦૫/૨૦૨૫ ના રોજ ફરિયાદી ભુપેન્દ્ભાઇ ભીખાભાઇ રાવત પો.સ્ટે. આવી તેમની રૂબરુ ફરિયાદ હકીકત જાહેર કરતાં ફરિયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ તેઓએ લખી લીધેલ અને સદર ફરિયાદ ચાંદખેડા પો.સ્ટે. જીરો/૨૦૨૫ વાળી ફરિયાદ પોલીસ અધિક્ષક, બનાસકાંડાને આગળની કાર્યવી કરવા સારૂ સાધનીક કાગળો સાથે મોકલી આપેલ. આમ, આ સાહેદે ફરિયાદ આધારે જીરો નંબરથી ગુનો રજીસ્ટર કરી એસ.પી. શ્રી બનાસકાંઠાને ફરિયાદ મોકલી આપેલ છે. ત્યારબાદ ત.ક.અધિકારી સરોજબેન મોઘજીભાઇ ચૌધરીએ તેમની આંક. ૩૯ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ દાંતા પો.સ્ટે. માં પી.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના રજીસ્ટર નં. જીરો/૨૦૨૫ વાળી ફરિયાદ સાધનીક કાગળો સાથે તેમની તરફ મોકલી આપતાં, તેઓએ સદર ફરિયાદ આધારે દાંતા પો.સ્ટે. ગુના રજી. નં. ૨૫૭/૨૦૨૫ થી ઇ.પી.કોડની કલમ – ૧૨, ૧૧(૪), ૧૧(૬),૧૧(૫) તથા ૩૩૩,૩૫૧(૩),૭૪,૭૫(૧)(એલ), ૭૮(૧)(એલ) મુજબનો નોંધી લઇ ગુના લગત ગુનાવાળી જગ્યાનું પંચો રુબરુ પંચનામું કરેલ, ભોગબનનારનું કલાક–૧૮૪ નું નિવેદન મેળવેલ, ભોગબનનારનું જન્મ તારીખ અંગેના પ્રમાણપત્ર મેળવેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીને અટક કરેલ, અમદાવાદ મુકામે જઇ ભોગબનનારના તેમજ સાહેદના જણાવ્યા મુજબની વિગતો સાથે લાગતા વળતા સાહેદોના નિવેદન લીધેલ. આરોપીની

શરીરસ્થિતિનું પંચનામું કરેલ. અમદાવાદ મુકામે જઇ ભોગબનનાર અમદાવાદ મુકામે તેમના મામાના ઘરે રોકાયેલા હતા તે જગ્યાએ જઇ તેનું પંચનામું કરેલ. આમ તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે. ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ અમદાવાદ મુકામે જઇ જે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તે જગ્યાની આજુબાજુના કોઇ રહીશોના નિવેદનો લીધેલા નથી. તેઓએ મોટાસડા મુકામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેના આજુબાજુના દુકાનો વાળાના કોઇ નિવેદનો લીધેલ નથી. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદનો ફરિયાદ મુજબ કોપી પેસ્ટ કરેલા. ત્યારબાદ ત.ક.અધિકારી રામાભાઇ લખમણભાઇ મકવાણાએ તેમની આંક. ૩૮ ની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ દાંતા પો.સ્ટે. માં પી.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે સદર ગુનાની તપાસ સંભાળી કાગળોનો અભ્યાસ કરી આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે.

(૩૭) આમ, ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો , ભોગબનનાર વેકેશન દરમિયાન તેના મામાના ઘરે અમદાવાદ મુકામે ગયેલી ત્યારે બનાવના દિવસે ભોગબનનારના મામા અને મામી લગ્ન પ્રસંગમાં ગયેલ હતા ત્યારે ભોગબનનાર અને તેની બહેન નેહાબેન એકલા જ ઘરમાં હતાં ત્યારે ભોગબનનારના મામાના ઘરે આરોપી આવેલો અને દરવાજો ખખડાવતાં , ભોગબનનાર અને તેની બહેને દરવાજો ન ખોલતાં, આરોપીએ પોતાની જાતે લોખંડનો દરવાજાની અંદર હાથ નાખી દરવાજો ખોલી ઘરની અંદર આવી ભોગબનનાર તેમજ સાહેદ નેહાબેન ઘરમાં હાજર હતા ત્યારે આરોપીએ નેહાબેનને ધકકો મારતાં તેઓ નીચે પડી ગયેલા અને ત્યાર બાદ આરોપીએ ભોગબનનારનો હાથ પકડી બળજબરીથી ખેચી લઇ જવાનો

પ્રયત્ન કરેલ અને તે દરમિયાન સાહેદ નેહાબેને બુમાબુમ કરતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલ છે. આમ, ભોગબનનારે તેણીના સમગ્ર પુરાવામાં આરોપીએ જબરજસ્તીથી ભોગબનનારના મામાના ઘરમાં ધૂસી સાહેદ નેહાબેનને ધકકો મારી નીચે પાડી દીધેલ અને ભોગબનનારનો હાથ પકડી બળજબરીથી ખેંચી લઇ જવાનો પ્રયત્ન કરેલ હોવાની હકીકત જણાવે છે. જેને સાહેદ નેહાબેનના પુરાવાથી પણ સમર્થન મળે છે. આથી ભોગબનનારની જુબાની વિશ્વસનિય હોય અને માનવાલાયક જણાય છે, અને જયારે ભોગબનનારની જુબાની વિશ્વસનિય અને માનવા લાયક જણાય ત્યારે તેના પુરાવાને અન્ય કોઇ સાહેદના પુરાવાથી સમર્થન ન મળે તો પણ તેના પુરાવાને માની શકાય. બચાવપક્ષે વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, બનાવ સ્થળ જે ભોગબનનારના મામાનું ઘર છે અને ત્યાં પાંચ માળનું બિલ્ડીંગ છે અને દરેક માળ ઉપર ચાર ફલેટ છે અને ભોગબનનારના મામાના ફલેટની બાજુમાં પણ બીજા ત્રણ ફલેટ આવેલા છે અને તેમાં લોકો રહે છે તેમ છતાં કોઇ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલ નથી તે જોતાં આવો કોઇ બનાવ બનેલ નથી. પરંતું સામાન્ય રીતે અન્ય લોકો એકબીજાના સગા સંબંધી અને સેહ શરમમાં કોર્ટ કેસમાં સાહેદ તરીકે તૈયાર થતા નથી અને ત.ક.અધિકારીએ તેવા કોઇ સાહેદોના નિવેદન ન લીધા હોય તો તેનાથી ભોગબનનારનાં પુરાવાને ન માની શકાય તેવી જે રજુઆત કરેલ છે તે માનવાપાત્ર નથી. ભોગબનનારના પુરાવાને સાહેદ નેહાબેનના પુરાવાથી સંપુર્ણપણે સમર્થન મળે છે તેમજ ભોગબનનાર અને સાહેદ નેહાબેને બીજા દિવસે ભોગબનનારના મામા અને મામી લગ્નમાંથી આવેલ ત્યારે ભોગબનનારની મામીને બનાવ વિશે વાત કરેલી છે અને ભોગબનનારની મામીએ તેના મામાને બનાવની વાત કરેલ છે.

જે હકીકતને ભોગબનનારના મામા (ફરિયાદી) તથા ભોગબનનારની મામીએ સમર્થન આપેલ છે. તેમજ ભોગબનનારના માતા પિતાએ પણ બનાવની હકીકતને સમર્થન આપેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજગોમાં અને ઉપર ચર્ચા કર્યા મુજબ બંનેપક્ષની રજુઆત ધ્યાને લેતાં , બચાવપક્ષે જે ઉપરોકત દલીલ કરેલ છે તે તમામ તેઓને મદદકર્તા થતી નથી, અને તે રજુઆત માની શકાય તેમ નથી.

(૩૮) વધુમાં, આ કામે **બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ–૩૩૩** ની વ્યાખ્યા જોતાં, વ્યથા, હુમલો અથવા ગેરકાયદે અવરોધ કરવાની તૈયારી કર્યા પછી ગૃહ અપ–પ્રવેશ.

જે કોઇ વ્યકિત, બીજી કોઇ વ્યકિતને વ્યથા કરવા અથવા તેના ઉપર હુમલો કરવા અથવા તેને ગેરકાયદે અવરોધ કરવાની અથવા તેને વ્યથાનો હુમલાનો કે ગેરકાયદે અવરોધનો ભય ઉભો કરવાની તૈયારી કરીને ગૃહ અપ–પ્રવેશ કરે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા અને તે દંડને પાત્ર છે.

વધુમાં, **બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ–૩૫૧(૩)** ની વ્યાખ્યા જોતાં, ગુન્હાહિત ધમકી.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઇ મિલ્કતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજિવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા કોઇ સ્ત્રી ઉપર ચારિત્ય હીનતાનું આળ મૂકવાનું હોય, તો તેન સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષાની જોગવાઇ છે.

**બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ–૭૪** ની વ્યાખ્યા જોતાં, કોઇ સ્ત્રી પ્રત્યે તેની મર્યાદાનો ભંગ કરવાના ઈરાદાથી હુમલો કરવો અથવા ગુન્હાહિત બળનો ઉપયોગ કરવો.

જે કોઈપણ વ્યકિત, કોઈપણ સ્ત્રી ઉપર જાણી જોઈને, તે સ્ત્રીની મર્યાદા ભંગ કરવાના ઈરાદાથી હુમલો કરે, અથવા ગુન્હાહિત બળનો ઉપયોગ કરે તેને એક વર્ષથી ઓછી નહી તેટલી પરંતું પાંચ વર્ષ સુધી વિસ્તારી શકાય તેવી કેદની સજા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર ઠરશે.

**બી.એન.એસ, ૨૦૨૩ ની કલમ–૭૫(૧)(આઈ)**

જાતિય સતામણી

(૧) કોઈ પુરૂષ નીચેનામાંથી કોઈપણ કૃત્ય કરશે.,

૧. શારીરિક સ્પર્શ અને અનિચ્છીત સ્પષ્ટ જાતિય માગણી તરફ આગળ વધવામાં સંડોવણી કરે, અથવા

૨. જાતિય તરફદારી અંગેની માંગણી અથવા વિનંતી કરે, અથવા

૩. સ્ત્રીની ઈચ્છા વિરૂધ્ધ પોર્નોગ્રાફી દેખાડે, અથવા

૪. જાતિયતા દર્શાવતી ટીપ્પણીઓ કરે, તો તે જાતિય સતામણીના ગુના માટે દોષિત ગણાશે.

જેમાં ત્રણ વર્ષ સુધીની સખત કેદની અથવા દંડ અથવા બંને શિક્ષા કરવાની જોગવાઈ છે.

**બી.એન.એસ, ૨૦૨૩ ની કલમ–૭૮(૧)(આઈ)**

પીછો કરવો

(૧) કોઈ પુરૂષ જે,

૧. સ્ત્રીની પાછળ જાય અને મળે અથવા તે સ્ત્રીને

મળવાનો પ્રયત્ન કરે, તે સ્ત્રીની સ્પષ્ટ અનિચ્છા છતાં વારંવાર વ્યકિતગત હિત સાધવાના હેતુથી પાછળ જવાનું કૃત્ય કરે, અથવા

૨. સ્ત્રીનું ઈન્ટરનેટ, ઈમેઈલ અથવા બીજા કોઈપણ વિજાણું માધ્યમના ઉપયોગના સંપર્કથી ધ્યાન રાખે, તે પીછો કરવાનો ગુન્હો કરે છે.
પરંતુ આવી વર્તણૂંક પીછો કરવાનું કૃત્ય ગણાશે નહિ, જો પીછો કરનાર પુરૂષ સાબિત કરે કે,

૧. આવો પીછો ગુન્હો અટકાવવા અથવા શોધવા માટે કરવામાં આવ્યો હતો, અને પીછો કરનાર આરોપી પુરૂષને રાજય ધ્વારા ગુન્હાની અટકાયત અને શોધ માટે જવાબદારી સોંપવમાં આવી હતી, અથવા

૨. આવો પીછો કોઈપણ કાયદા હેઠળ અથવા કોઈપણ કાયદા હેઠળ કોઈપણ વ્યકિત ધ્વારા લાદવામાં આવેલી કોઈપણ શરત અથવા જરૂરિયાતનું પાલન કરવા માટે કરવામાં આવ્યો હતો, અથવા

૩. ખાસ સંજોગોમાં આવી વર્તણૂંક યોગ્ય અને ન્યાયિક હતી.

(૨) જે કોઈ વકિત, પીછો કરવાનો ગુન્હો કરે છે તેને ગુન્હા માટે પ્રથમવાર દોષસિદ્ધિ ઉપર ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે અને બીજા અને ત્યારપછીના ગુન્હા માટેની દોષસિદ્ધિ ઉપર પાંચ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૩૯) આમ, ઉપરોકત ભોગબનનારનો સમગ્ર પુરાવો (સરતપાસ તથા ઉલટ તપાસ) આવરી લેવામાં આવેલ છે. બનાવના સૌથી મહત્વના સાહેદ એવા ભોગબનનારનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારે પોતાની આપવીતી અને તેણીની સાથે બનવા પામેલ બીનાની હકીકત સ્પષ્ટ શબ્દોમાં જણાવેલી છે. ભોગબનનાર મુદ્દા નં. ૧ માં ચર્ચા કરી તે પ્રમાણે બનાવ વખતે સગીર વચની હતી ત્યારે તેનો જાતિય ગુન્હાઓથી બાળકોનો રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨(ડ) માં આપેલ "**બાળક**" ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. બાળક મોટે ભાગે જોવામાં આવે તો ખોટું બોલે નહી. ઉપરાંત કાયદા ધ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ પણ સગીર વચની ઉંમરનું બાળક સામાન્ય રીતે જુઠુ બોલે જ નહી તેવું અદાલતે માનવું જોઇએ.

(૪૦) ભોગબનનાર બનાવ સમયે બાળ સાહેદ હોય ત્યારે સદર સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **ડોલા ઉર્ફે ડોલાગોબિંદા પ્રધાન અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઓડીશા (ફોજદારી અપીલ નં. ૧૦૯૫/૨૦૧૮)** ના ચુકાદામાં ફકરા નં. ૫,૬ તથા ૭ માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે :–

5. It is well settled law that if the version of the prosecutrix is believed, basic truth in her evidence is ascertainable and if it is found to be credible and consistent, the same would form the basis of conviction. Corroboration is not a sine qua non for a conviction in a rape case. The

evidence of a victim of sexual assault stands at par with the evidence of an injured witness and is entitled to great weight, absence of corroboration not with standing. If the evidence of the victim does not suffer from any basic infirmity and the “probabilities factor” does not render it unworthy of credence, as a general rule, there is no reason to insist on corroboration, except from medical evidence, where, having regard to the circumstances of the case, medical evidence can be expected to be forthcoming. When a grown up and married woman gives evidence on oath in Court that she was raped, it is not the proper judicial approach to disbelieve her outright.

6. In this regard it would be useful to quote certain observations of this Court in the case of Bharwada Bhoginbhai Hirjibhai vs. State of Gujarat, [(1983) 3 SCC 217] wherein it is observed that:

“10. By and large these factors are not relevant to India, and the Indian conditions. Without the fear of making

too wide a statement, or of overstating the case, it can be said that rarely will a girl or a woman in India make false allegations of sexual assault on account of any such factor as has been just enlisted. The statement is generally true in the context of the urban as also rural Society. It is also by and large true in the context of the sophisticated, not so sophisticated, and unsophisticated society. Only very rarely can one conceivably come across an exception or two and that too possibly from amongst the urban elites. Because: (1) A girl or a woman in the tradition bound non- permissive Society of India would be extremely reluctant even to admit that any incident which is likely to reflect on her chastity had ever occurred. (2) She would be conscious of the danger of being ostracised by the Society or being looked down by the Society including by her own family members, relatives, friends and neighbours. (3) She would have to brave the whole world. (4) She would face the risk of losing the love and respect of her own husband and near relatives, and of her matrimonial home

and happiness being shattered. (5) If she is unmarried, she would apprehend that it would be difficult to secure an alliance with a suitable match from a respectable or an acceptable family. (6) It would almost inevitably and almost invariably result in mental torture and suffering to herself. (7) The fear of being taunted by others will always haunt her. (8) She would feel extremely embarrassed in relating the incident to others being over powered by a feeling of shame on account of the upbringing in a tradition bound society where by and large sex is taboo. (9) The natural inclination would be to avoid giving publicity to the incident lest the family name and family honour is brought into controversy. (10) The parents of an unmarried girl as also the husband and members of the husband's family of a married woman would also more often than not, want to avoid publicity on account of the fear of social stigma on the family name and family honour. (11) The fear of the victim herself being considered to be promiscuous or in some way responsible

for the incident regardless of her innocence. (12) The reluctance to face interrogation by the investigating agency, to face the court, to face the cross examination by Counsel for the culprit, and the risk of being disbelieved, acts as a deterrent.

11. In view of these factors the victims and their relatives are not too keen to bring the culprit to books. And when in the face of these factors the crime is brought to light there is a built-in assurance that the charge is genuine rather than fabricated. On principle the evidence of a victim of sexual assault stands on par with evidence of an injured witness. Just as a witness who has sustained an injury (which is not shown or believed to be self inflicted) is the best witness in the sense that he is least likely to exculpate the real offender, the evidence of a victim of a sex-offence is entitled to great weight, absence of corroboration notwithstanding. And while corroboration in the form of eye witness account of an independent witness may often be forthcoming in

physical assault cases, such evidence cannot be expected in sex offences, having regard to the very nature of the offence. It would therefore be adding insult to injury to insist on corroboration drawing inspiration from the rules devised by the courts in the Western World (Obeisance to which has perhaps become a habit presumably on account of the colonial hangover). We are therefore of the opinion that if the evidence of the victim does not suffer from any basic infirmity, and the “probabilities factors” does not render it unworthy of credence, as a general rule, there is no reason to insist on corroboration except from the medical evidence, where, having regard to the circumstances of the case, medical evidence can be expected to be forthcoming, subject to the following qualification: Corroboration may be insisted upon when a woman having attained majority is found in a compromising position and there is a likelihood of her having levelled such an accusation on account of the instinct of self-preservation. Or when the 'probabilities factor' is found to

be out of tune”. (emphasis supplied)

**7. In Sadashiv Ramrao Hadbe v. State of Maharashtra, [(2006) 10 SCC 92], this Court reiterated that the sole testimony of the prosecutrix could be relied upon if it inspires the confidence of the Court:**

> “9. It is true that in a rape case the accused could be convicted on the sole testimony of the prosecutrix, if it is capable of inspiring confidence in the mind of the court. If the version given by the prosecutrix is unsupported by any medical evidence or the whole surrounding circumstances are highly improbable and belie the case set up by the prosecutrix, the court shall not act on the solitary evidence of the prosecutrix. The courts shall be extremely careful in accepting the sole testimony of the prosecutrix when the entire case is improbable and unlikely to happen.”

(૪૧) આ તબકકે બનાવ સમયે બાળ સાહેદની સાહેદી બાબતે નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા **<u>શમીમ વિ. સ્ટેટ (જીએનસીટી ઓફ દિલ્હી) એ.આઈ.આર. (૨૦૧૮), એસ.સી. ૪૫૨૯</u>** ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત પણ ધ્યાને લેવો જરૂરી છે. સદર ચુકાદામાં નામદાર સૃપ્રિમકોર્ટ ધ્વારા ફકરા નં. (૧૪) અને (૧૫) માં નીચે મુજબના અવલોકનો કરવામાં આવેલ છે.

**"14. In State of U.P. v. Krishna Master**

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

**& Ors.(2010) 12 SCC 324 :(AIR 2010 SC 3071, Para 13)), disagreeing with the High Court which had doubted the credibility of a child witness, it was observed:**

"36. ..... This Court fails to understand as to on what principle and on which experience in real life, the High Court made a sweeping observation that it is inconceivable that a child of Madan Lal's understanding would be able to recapitulate facts in his momery witnessed by him long ago. There is no principle of law known to this Court that it is inconceivable that a child of tender age would not be able to recapitulate facts in his memory witnessed by him long ago. This is witness has claimed on oath before the Court that he had seen five members of his family being ruthlessly killed by the respondents by firing gunshots. When a child of tender age witness gruesome murder of his father, mother, brothers, etc. he is not likely to forget the incident for his whole life and would certainly recapitulate facts in his mamory when asked about the same at any point of time, notwithstanding the gap of about ten years between the incident and recording of his evidence.

"37. This Court is of the firm opinion that it would be doing injustice to a child witness possessing a sharp memory to say that it is inconceivable for his to recapitulate facts in his memory witnessed by him long ago. A child of tender age is always receptive to abnormal events which take place in his life and would never forget those events for the rest of

his life. The child would be able to recapitulate correctly and exactly when asked about the same in future. Therefore, the specious ground on which the reliable testimony of PW 2 Madan Lal came to be disbelieved can hardly be affirmed by this Court."

**15. Each criminal trial is but a quest for search of the truth. The duty of a judge presiding over a criminal trial is not merely to see that no innocent person is punished, but also to see that a guilty person does not escape. One is as important as the other. Both are pubic duties which the Judge has to perform. The trial court had erred and misappreciated the evience to arrive at an erroneous conclusion."**

**(૪૨)** નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા ઉપરોકત બંને ચુકાદાઓમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત સાથે ભોગબનનાર સગીરાનો પુરાવો જોવામાં આવે તો તેણીનો પુરાવો વિશ્વાસપાત્ર અને માનવા લાયક ઉચિત જણાય છે.

**(૪૩)** આ કામે સગીર વયની ભોગબનનાર ધોરણ-૧૦ માંની પરીક્ષા આપી વેકેશન દરમ્યાન તેના મામાના ઘરે અમદાવાદ મુકામે ગયેલ હતી ત્યારે આરોપીએ તેણીનો પીછો કરી અમદાવાદ મુકામે તેણીના મામાના ઘરે જયારે તેણીના મામા અને મામી ઘરે હાજર ન હતા અને ભોગબનનાર તેમજ તેની બહેન નેહા ઘરે એકલા જ હાજર હતા ત્યારે તેમના ઘરનો દરવાજો ખખડાવેલ અને તે સમયે ભોગબનનાર તથા તેની બહેન નેહાએ બારી ખોલી જોતાં આરોપીને જોયેલ જેથી તેઓએ દરવાજો ખોલેલ નહી પરંતુ આરોપીએ ઘરનો લોખંડનો દરવાજો હતો જેની અંદર પોતાનો

હાથ દરવાજાની અંદર નાખી દરવાજો ખોલી ઘરની અંદર પ્રવેશ કરી સાહેદ નેહાબેનને ધકકો મારી નીચે પાડી દઈ ભોગબનનારનો હાથ પકડી ખેંચી લઈ જતા હતા તે દરમ્યાન સાહેદ નેહાબેને બુમાબુમ કરતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેને ભોગબનનારના બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ ના મેજીસ્ટ્રેટશ્રી રૂબરુના નિવેદનથી પણ સમર્થન મળે છે.

**(૪૪)** જાતીય ગુનાના કિસ્સામાં પુરાવાના મુલ્યાંકન બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સી.કે. જૈન ૧૯૯૦(૧), એસ.સી.સી. પાના-૫૫૦૯** નાં ચુકાદાના પેરા-૧૬ માં નીચે મુજબ ઠરાવેલ છે.

''......સામાન્ય રીતે ભોગબનનારના પુરાવાને જેવી રીતે ઈજાગ્રસ્ત વ્યકિતને જેટલું વજન આપવું જોઈએ તેટલું આપવું જોઈએ કે જે હિંસાનો ભોગ બનેલ હોય, જયાં સુધી ખાસ સંજોગો ન હોય કે જે વધારે સાવચેતી માંગતા હોય તો એવા કિસ્સામાં જો તેણીનો પુરાવો વિશ્વાસપાત્ર હોય તો તેણીના પુરાવા આધારે વર્તવું સલામત ગણાશે....''

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તે કેસમાં વધુમાં અવલોકન કરેલ છે કે, :-

ભોગબનનારના પુરાવાને જે સ્થિતિમાં તેણી મુકાયેલી હોય તેની ખાસ સ્થિતિના સંદર્ભમાં મુલવવો જોઈએ. ભોગબનનાર ધ્વારા સામેનાની ગેરહાજરીને તેણીની લાચારીના સંદર્ભમાં જોવી જોઈએ. સામાન્ય રીતે ભારતીય સ્ત્રી કોઈપણ વ્યકિત વિરૂધ્ધ બળાત્કારનો કે છેડતીનો ખોટી રીતે આક્ષેપ નહિ મૂકે જેથી તેના ચારિત્રને અને તેના કુટુંબને અસર થાય.

વધુમાં,આ સંદર્ભમાં નામદાર સુપ્રિમકોર્ટે દિપક વિ. સ્ટેટ ઓફ હરિયાણાનો ચુકાદો જે ૨૦૧૫, ક્રિ.લો.જ. ૨૦૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામદાર સુપ્રિમકોર્ટે પેરા-૨૭ માં નીચે મુજબ ઠરાવેલ છે :-

**27.** We are alive to the law laid down by this Court wherein it is ruled that in a case of rape, no self-respecting woman would ever come forward in a court just to make a humiliating statement against her honour such as is involved in the commission of rape on her. The testimony of the prosecutrix in such cases is vital and unless there are compelling reasons, which necessitate looking for corroboration of her statement or where there are compelling reasons for rejecting of her testimony, there is no justification on the part of the court to reject her testimony.

(૪૫) આરોપીએ જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ,૨૦૧૨ ની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે કે કેમ તે નકકી કરવા સંબંધે સદર કાયદાની કલમ–૧૧ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

**<u>કલમ–૧૧ જાતિય–સતામણી માટેની શિક્ષા</u> :–**

કોઈપણ વ્યકિત, કોઈ બાળક ઉપર જાતિય–સતામણી કરે છે તેવું કહેવામાં આવશે જયારે તેવી વ્યકિત જાતિય ઈરાદાથી :–

(૧) કોઈ શબ્દોનું ઉચ્ચરણ કરે અથવા કોઈ અજવા કરે અથવા કોઈ હાવભાવ કરે કે કોઈ વસ્તુ કે શરીરના

કોઈપણ અંગનું ઈરાદાપુર્વક પ્રદર્શન કરે, કે જેથી બાળક તેવું ઉચ્ચરણ કે અવાજ સાંભળી શકે અથવા એવો હાવભાવ કે વસ્તુ કે શરીરનો ભાગ જોઇ શકે : અથવા

(૨) કોઇ બાળકને તેના શરીર અથવા તેના શરીરના કોઇ અંગને પ્રદર્શન કરાવડાવે, જેથી તેને તેવી વ્યકિત અથવા કોઇ અન્ય વ્યકિત ધ્વારા જોવામાં આવે : અથવા

(૩) કામુક ઈરાદાઓ માટે કોઇ પ્રસાર અથવા મિડિયાના કોઈપણ સ્વરૂમાં કોઇ બાળકને કોઇ વસ્તુ દેખાડે : અથવા

(૪) કોઇ બાળકને સીધી રીતે અથવા ઈલેકટ્રોનિક, આંકડાકીય અથવા અન્ય કોઇ સાધનો ધ્વારા વારંવાર અથવા સતત પીછો કરે અથવા જુએ અથવા સંપર્ક કરે : અથવા

(૫) બાળકના શરીરના કોઇ ભાગ અથવા જાતિય કૃત્યોમાં બાળક સામેલ હોવાનું ઈલેકટ્રોનિક, ફિલ્મ અથવા આંકડાકીય અથવા અન્ય કોઇ પધ્ધતિ કે માધ્યમ ધ્વારા બાળકના વાસ્તવિક અથવા બનાવટી ચિત્રોને મિડિયાના કોઈપણ સ્વરૂમાં ઉપયોગ કરવાની ધમકી આપે : અથવા

(૬) અશ્લીલ કામુક પ્રયોજનો માટે કોઇ બાળકને કોઇ પ્રલોભન આપે, અથવા તે માટે ઉપહારો આપે.

સ્પષ્ટીકરણ : કોઈપણ પ્રશ્ન કે જેમાં ''જાતિય ઈરાદો'' સંકળાયેલ હોય તે હકીકત અંગેનો પ્રશ્ન રહેશે.

કલમ–૧૧ માં જણાવ્યા મુજબના કૃત્યની સજાની જોગવાઇ કલમ–૧૨ માં કરવામાં આવેલ છે ત્યારે સદર કલમ–૧૨ ધ્યાને લેવી જરૂર છે, જે નીચે મુજબ છે :

**કલમ–૧૨ જાતિય સતામણી માટેની સજા :**

જે કોઇ બાળક ઉપર જાતિય સતામણી કરશે, તેને ૩ વર્ષ સુધીની

બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે,

ઉપરોકત જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૧ અન્વયે ભોગબનનારનો પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારે પોતાના પુરાવામાં તેણી વેકેશન દરમ્યાન તેના મામાના ઘરે અમદાવાદ મુકામે ગયેલી હતી ત્યારે તેણીનો પીછો કરી અમદાવાદ મુકામે આવેલો અને ભોગબનનારના મામા અને મામી લગ્ન પ્રસંગે બહાર ગયેલા હતા અને ભોગબનનાર તથા તેની બહેન નેહાબેન ઘરે એકલા જ હાજર હતા તે દરમ્યાન આરોપીએ ભોગબનનારના મામાના ઘરે આવી દરવાજો ખખડાવેલ જેથી ભોગબનનાર અને તેની બહેન નેહાબેને બારીમાંથી જોયેલ તો આરોપી હતો આથી તેઓએ દરવાજો ખોલેલ નહી જેથી આરોપીએ લોખંડના દરવાજોમાં અંદરના ભાગે હાથ નાખી દરવાજો ખોલી ઘરની અંદર આવી સાહેદ નેહાબેનને ધકકો મારી નીચે પાડી દીધેલ અને ભોગબનનારનો હાથ પકડી ખેંચી લઈ જતા હતા ત્યારે સાહેદ નેહાબેને બુમાબુમ કરતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલ છે. સાહેદ નેહાબેને પણ આજ પ્રકારની હકીકતો બનેલ હોવાનું તેમના પુરાવામાં જણાવેલ છે. તેમજ ફરિયાદી તથા તેમના પત્ની તેમજ ભોગબનનારના માતા પિતાએ પણ ભોગબનનાર અને સાહેદ નેહાબેને બનાવની હકીકત તેમને જણાવેલ હોવાનો પુરાવો આપેલ છે. ત્યારે આરોપીએ ભોગબનનાર ની જાતિય સતામણી કરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૪૬) આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ એવો આક્ષેપ કરવામાં અવેલ છે કે, બનાવના પહેલા અઢી માસ અગાઉ ભોગબનનાર

મોટાસડા ગામે તેના ઘરેથી સ્કૂલે પરીક્ષા આપવા જતી હતી તે વખતે આોરપીએ ભોગબનનારને કહેલ કે રસ્તમાં આવતાં જતા તું મારી સાથે બોલ નહિ બોલે તો તને ઉપાડી લઇશ અને તારી સાથે બળજબરીથી લગ્ન કરી લઇશ અને નહિ કરે તો તારા ભાઇ જયરાજને ઉપાડી લઈ મર્ડર કરી નાખીશ અને ભોગબનનારને તેના ફોટા વોટસએપમાં વાયરલ કરી નાખીશ તેવી ધમકી આપેલ. પરંતુ આ બાબતે ભોગબનનાર તેના પુરાવામાં કોઇ જ હકીકત જણાવતાં નથી. સાહેદ નેહાબેનનો પુરાવો જોતાં પણ મોટાસડા મુકામે આવો કોઇ બનાવ બનેલ હોવાની હકીકત જણાવતા નથી. ફરિયાદી પણ તેમના પુરાવામાં મોટાસડા મુકામે આરોપીએ આવુ કોઇ કૃત્ય કરેલ હોય તેવું જણાવતા નથી. ભોગબનનારના પિતા પણ આવી કોઇ હકીકત જણાવતા નથી. એકમાત્ર ભોગબનનારની માતાએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મયુર કરીને મોટાસડા ગામનો છોકરો છે જે તેમની દિકરી મોટાસડા મુકામે ભણતી હતી ત્યારથી હેરાન કરતો હતો અને તેમની દિકરી તેમના ભાઇના ત્યાં ગયેલી તે વખતે ભોગબનનારને ધમકી આપીને જણાવેલ કે, તું લગ્ન નહી કરે તો હું તારા ભાઇને ઉપાડી જઇશ અને મારી નાખીશ તેવી ધમકી આપેલી અને તું પણ કોઇને કહીશ તો તને પણ મારી નાખીશ અને તેમની દિકરી મોટાસડા મુકામે હતી તે દરમ્યાન પણ આ આરોપી તેને હેરાન કરતો હોઇ તેઓ તેની મમ્મીને પણ કહેવા ગયેલછતાં પણ આરોપી તેમની ભોગબનનાર દિકરીને હેરાન કરતો હતો. પરંતુ આવી કોઇ હકીકત ખુદ ભોગબનનાર તેમના પુરાવામાં જણાવતા નથી. ત્યારે ફરિયાદપક્ષ આરોપી સામેનો બી.એન.એસ. ની કલમ- ૩૫૧(૩), ૭૫(૧)(આઇ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૧૧(૬),૧૧(૫) મુજબનો ગુન્હો શંકા રહિત પુરાવાથી પુરવાર

કરી શકેલ નથી.

(૪૭) ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે ભોગબનનાર, ભોગબનનારની બહેન નેહાબેન, ભોગબનનારના મામા/ફરિયાદી, ભોગબનનાર ની મામી, ભોગબનનારના માતા–પિતા તેમજ પંચ સાહેદોનો પુરાવો એકસાથે વાંચતાં આરોપીએ ભોગબનનાર સાથે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૩૩,૭૪,૭૮(૧)(આઇ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨,૧૧(૪) મુજબનો ગુનો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ ધ્વારા નિ:શંક પણે પુરવાર કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થઇ આવે છે. બચાવપક્ષનાઓ તેઓના વિરૂધ્ધના પુરાવાનું ખંડન થાય તે પ્રકારની કોઇ હકીકત રેકર્ડ ઉપર લઇ આવેલ નથી કે ભોગબનનાર વારંવાર આરોપીને ફોન ઉપર મેસેજ કરતી હતી અને પ્રેમપત્રો પણ લખતી હતી અને બનાવ પછી પણ આરોપીને ફોન ઉપર મેસેજો કરેલા અને આરોપીએ તેણીનો હાથ પકડેલ નથી કે ખેંચવાની કોશીષ કરેલ નથી અને ભોગબનનારે જણાવેલ છે તે પ્રકારનો કોઇ બનાવ બનેલ નથી, જે બચાવ લઇને આવેલ છે તે બચાવ અન્વયે બચાવપક્ષનાઓએ કોઇ સાક્ષી તપાસી ખંડનાત્મક પુરાવો રજુ રાખેલ નથી કે પુરાવામાં મહત્વનો કોઇ વિરોધાભાષ લઇ આવેલ નથી તેમજ ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષનાઓને કોઇ જુની અદાવત હોય તેવું પણ લઇ આવેલ નથી કે આવો કોઇ બચાવ સ્પષ્ટ પુરાવાથી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના એરણ ઉપર પુરવાર કરી શકેલ નથી, ત્યારે બચાવપક્ષના વિ. વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલો કે બચાવ ગ્રાહય રાખવા પાત્ર ન હોઇ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૪૮) વધુમાં, સમગ્ર બનાવ જોઇએ તો ભોગબનનાર કે જે સગીર વયની હતી તેની પાછળ પાછળ આરોપી પીછો કરી ગયેલ છે.

ભોગબનનાર તેના મામાના ઘરે ગયેલ ત્યાં પણ આરોપીએ કાયદાનો કોઈપણ ડર વગર ગુનાહિત અપપ્રવેશ કરી ભોગબનનારના મામાના ઘરમાં દરવાજો અંદરથી જાતે ખોલી ઘરમાં અપપ્રવેશ કરી ભોગબનનારની બહેન નેહાબેનને ધકકો મારી નીચે પાડી દઈ ભોગબનનારને હાથ પકડી ખેચીને લઈ જવાની કોશીષ કરેલ છે અને સાહેદ નેહાબેને બુમાબુમ કરતાં આરોપી ત્યાંથી ભાગી ગયેલ છે. આમલ આરોપી કે જેને કોઈ કાયદાનો ડર નથી અને એક સગીર વયની બાળકી કે જેની ઉંમર નાચવા, કુદવા,ભણવા, હસવા, બોલવા માટેની હોઈ તેનું સ્વતંત્ર રીતે જીવન તેણી જીવી શરતી નથી. સમાજમાં તેણી ડર સિવાય બહાર નીકળી શકતી નથી. આટલી ક્રૂરતા આટલો ડર ભારત દેશમાં સગીર બાળકીઓ ઉપર કે કોઈપણ સ્ત્રી ઉપર આચરવામાં ન આવે તે માટે આવો સખત કાયદો ઘડવામાં આવેલ છે. એક ૧૮ વર્ષથી નીચેની સગીર વયની બાળકી તેનું જીવન આનંદમય રીતે, સ્વતંત્ર રીતે ખુશીથી જીવે તે પણ ભારતના બંધારણે ખાતરી આપેલ છે અને તેના કારણે જ આવા પ્રકારના કાયદા ભારત સરકાર લાવેલ છે. વધુમાં, પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ મુજબ પ્રિઝમશનનો લાભ પણ પ્રોસીકયુશનની તરફેણમાં રહે છે. આરોપીની હાજરી સ્પષ્ટપણે ફરિયાદીની બિલ્ડીંગના સી.સી.ટી.વી. કેમેરામાં દેખાય છે. તેની હાજરી અંગે કોઈ યોગ્ય ખુલાસો પણ આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ન હોય ત્યારે પોકસો એકટનું પ્રીઝમશન કલમ-૨૯ અને ૩૦ મુજબ આરોપી રીબર્ટ કરી શકયા નથી અને આરોપીએ પોકસો એકટની કલમ-૧૧ અને ૧૨ મુજબ તથા બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૩૩૩,૭૪,૭૮(૧)(આઇ) મુજબનો ગુન્હો કરેલ છે તેવું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

(૪૯) આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૩૩૩,૭૪,૭૮(૧)(આઇ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨,૧૧(૪)** અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેથી મુદ્દા નં. ૨ નો નિર્ણય ''**અંશત: હકાર**'' માં આપવામાં આવે છે. આરોપીને ઉપરોકત ગુન્હાઓ સબબ તકસીરવાન ઠરાવેલ હોય, બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૮(૨) અન્વયે સજા અંગે પક્ષકારોને સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાં આવે છે.

મુકામ : પાલનપુર
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ (પોકસો) અને
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ સજા અંગે સાંભળવા માટે</u> :–**

(૫૦) સજા કરતાં અગાઉ આરોપી તરફે વિ. વકીલ શ્રી પી.એસ.બ્રાહમણીયા તથા આરોપીને તથા ફરિયાદપક્ષે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા.

(૫૧) આરોપી તરફે વિ. વકીલશ્રી પી.એસ. બ્રાહમણીયા ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપીના ઘરે વૃધ્ધ માતા પિતા છે. બે બહેનો છે જેમાં એક બહેનના લગ્ન થઇ ગયેલા છે અને બીજી બહેનના છુટાછેડા થયેલ છે અને તે બહેન આરોપી સાથે રહે છે. આરોપી ઉપર કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી છે. વકીલશ્રી બ્રાહમણીયાએ એવી ભારપૂર્વક દલીલ કરેલ છે કે, મેરીટસમાં ઉતર્યા સિવાય આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. વકીલશ્રી બ્રાહમણીયાએ એવી દલીમાં સ્પષ્ટપણે કહેલ છે કે તેઓ મેરીટસમાં ઉતરવા માંગતા નથી પરંતું સદર હકીકત ધ્યાને લઇ ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે.

(૫૨) બનંપક્ષના વિદ્યવાન વકીલશ્રીઓને સજા અંગે સાંભળ્યા તથા બંનેપક્ષોના વિ.વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લીધી.આરોપી કે જેને કોઇ કાયોદાનો ડર નથી અને એક સગીર વયની બાળકી કે જેની ઉંમર નાચવા, કુદવા, ભણવા, હસવા, બોલવા માટેની હોઇ તેનું સ્વતંત્ર રીતે જીવન તેણી જીવી શકતી નથી. સમાજમાં તેણી ડર સિવાય બહાર નીકળી શકતી નથી. ભોગબનનાર આરોપીના આવા કૃત્યના કારણે પોતાના પિતાનું ઘર છોડીને તેના મામાના ઘરે રહેવા માટે ગયેલી છે તેમ છતાં આરોપી ભોગબનનારની પાછળ પાછળ ભોગબનનારના મામાના ઘરે ગયેલ છે અને ભોગબનનાર અને તેની બહેન નેહા એકલા ઘરમાં હતાં ત્યારે આરોપીએ તેમના ઘરે આવી દરવાજો

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોક્સો એક્ટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.

ખખડાવી પોતાની જાતે લોખંડનો દરવાજો અંદર હાથ નાખી ખોલી ભોગબનનારની બહેન નેહાને ધકકો મારી નીચે પાડી દઇ ભોગબનનારને ખેચીને લઇ જવાનો પ્રયત્ન કરેલો છે. આટલી ક્રૂરતા આટલી ડર ભારત દેશમાં સગીર બાળકીઓ ઉપર કે કોઈપણ સ્ત્રી ઉપર આચરવામાં ન આવે તે માટે આવો સખત કાયદો ઘડવામાં આવેલ છે. એક ૧૮ વર્ષથી નીચેની સગીર બાળકી તેનું જીવન આનંદમય રીતે, સ્વતંત્ર રીતે ખુશીથી જીવી શકે તે માટે ભારચના બંધારણે ખાતરી આપેલ છે અને તેના કારણે જ આવા પ્રકારના કાયદા ભારત સરકાર લાવેલ છે. સગીર બાળકીઓ/બાળકો વિરૂધ્ધના ગુન્હાો જે રીતે વધી રહયા છે ત્યારે અત્રેના કેસમાં ઓછામાં ઓછી સજા ફરમાવવી મુનાસીફ જણાતું નથી. સાથોસાથ આરોપીની ઉંમર તેમજ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લઇ આરોપીએ કરેલ ગુન્હાની ગંભીરતા, બનાવ જે સંજોગોમાં બનેલ છે તે સંજોગો તેમજ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૩૩૩,૭૪,૭૮(૧)(આઇ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૧૨,૧૧(૪) મુજબના ગુન્હાની સજાની જોગવાઈઓ તેમજ ભોગબનનારને થયેલ નુકસાન ધ્યાને લેતાં, તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગબનનારને વળતર અંગેનો કોઇ હુકમ કરવાનું વ્યાજબી જણાતું નથી, જેથી મુદ્દા નં. ૩ સજા અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

૧. આ કામના આરોપી **મીહીરભાઈ ડાયાભાઈ સેનમા (રાવત)**, રહે. મોટાસડા, રાવત વાસ, તા. દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને **બી.એન.એસ.એસ.ની કલમ- ૨૫૮(૧)** અન્વયે **બી.એન.એસ. ની કલમ ૩૫૧(૩), ૭૫(૧)(આઈ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૧૧(૬),૧૧(૫)** મુજબના ગુન્હામાંથી **નિર્દોષ ઠરાવી છોડી**

મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી **મીહીરભાઈ ડાયાભાઈ સેનમા (રાવત)**, રહે. મોટાસડા, રાવત વાસ, તા. દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને **બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮(૨)** અન્વયે **બી.એન.એસ. ની કલમ ૩૩૩** મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **૩ (ત્રણ)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૨૦,૦૦૦/–** (અંકે રૂપીયા વીસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી **મીહીરભાઈ ડાયાભાઈ સેનમા (રાવત)**, રહે. મોટાસડા, રાવત વાસ, તા. દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને **બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮(૨)** અન્વયે **બી.એન.એસ. ની કલમ ૭૪** મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **૩ (ત્રણ)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૨૦,૦૦૦/–** (અંકે રૂપીયા વીસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપી **મીહીરભાઈ ડાયાભાઈ સેનમા (રાવત)**, રહે. મોટાસડા, રાવત વાસ, તા. દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને **બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮(૨)** અન્વયે **બી.એન.એસ. ની કલમ ૭૮(૧)(આઈ)** મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **૩ (ત્રણ)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૧૦,૦૦૦/–** (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપી **મીહીરભાઈ ડાયાભાઈ સેનમા (રાવત)**, રહે. મોટાસડા, રાવત વાસ, તા. દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને **જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૧૧(૪)** ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી **કલમ–૧૨** અન્વયે **૩ (ત્રણ)** વર્ષની કેદની સજા તથા **રૂા. ૧૦,૦૦૦/–** (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે, જો દંડની રકમ આરોપી ના ભરે તો વધુ ૧

(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીએ કુલ દંડની રકમ **રૂા. ૬૦,૦૦૦/–** (અંકે રૂપીયા સાઇઠ હજાર પુરા જમા કરાવ્યેથી સદર દંડની રકમ ભોગબનનારને ચુકવી આપવી.

૭. બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૭ મુજબ આરોપીએ ઉપરોકત તમામ સજાઓ એકીસાથે ભોગવવાની રહેશે.

૮. બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ આરોપી કાચા કામનાં કેદી તરીકે જેટલો સમય જેલમાં રહેલા છે તેટલો સમય સજામાંથી મજરે આપવો.

૯. બી.એન.એસ.એસ. ની કલમ–૪૦૪(૧) મુજબ આરોપીને આ હુકમની એક નકલ તાત્કાલિક વિના મૂલ્યે આપવી.

આ હુકમ આજરોજ તા. **૧૮મી**, માહે – **માર્ચ ,** સને – **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૧૮/૦૩/૨૦૨૬<br>સ્થળ : પાલનપુર. | **(અમિત જે. કાનાણી)**<br>સ્પેશ્યલ (પોકસો) અને<br>બીજા એડીશનલ સેશન્સ જજ,<br>બનાસકાંઠા – પાલનપુર<br>(યુનિક આઇ.ડી.નં.જીજે૦૦૬૬૨) |

/**RAVAL**/

(અમિત જે. કાનાણી)
સ્પે.જજ(પોકસો એકટ) તથા
બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.